
Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2019-2021 Issued by SSP, Ahmedabad Valid Upto 31/12/2021
PUBLISHED AT 1st OF EVERY MONTH PERMITTED TO THE POST OF A'BAD PSO ON 3rd OF EVERY MONTH

# યુવા સાથી
(Yuva Saathi Gujarati Monthly)



## ઉખુવત કા બચાં હોજા,
## મુહબ્બત કી ઝબાં હોજા

VOL. NO. 13, ISSUE NO. 11 ₹25 NOVEMBER 2022




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

**વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-**
**ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-**

**મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | E-mail yuvasaathi.monthly@gmail.com | www.yuvasaathi.com**

**YUVASAATHI (GUJARATI MONTHLY)**
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

PhonePe
G Pay
Paytm
amazon pay

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક

# યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૩, અંક : ૧૧ | નવેમ્બર ૨૦૨૨ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**સંપાદક મંડળ**

• **એડિટર ઇન ચીફ** •

જાવેદઆલમ કુરૈશી

• **એડિટર** •

જાબિર માનિગર

• **સભ્યો** •

મુહમ્મદ કલીમ અન્સારી

ઈબ્રાહીમ શેઠ

ડૉ. સાકિબ મલિક

મુહમ્મદ ઉમર મનસુરી

સુહેલ તનવીર

રાશિદ કુરૈશી

95 1000 8614

yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ** : રૂ.૩૦૦/-

**ત્રિવાર્ષિક લવાજમ** : રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## કુર્આન બોધ

"તમારો ખુદા એક જ ખુદા છે, તે રહમાન (પરમ્ કૃપાળુ) અને રહીમ (પરમ્ દયાળુ) સિવાય બીજો કોઈ ખુદા નથી. (આ હકીકતને ઓળખવા માટે જો કોઈ નિશાની અને ઓળખ જોઈતી હોય તો) જે લોકો બુદ્ધિથી કામ લે છે, તેમના માટે આકાશો અને ધરતીની રચનામાં, રાત અને દિવસના નિરંતર એકબીજા પછી આવવામાં, તે હોડીઓમાં જે મનુષ્યોના લાભની વસ્તુઓ લઈને નદીઓ અને સમુદ્રોમાં ચાલે-ફરે છે, વરસાદના તે પાણીમાં જેને અલ્લાહ ઉપરથી વરસાવે છે, પછી તેના વડે મૃત ધરતીને જીવન પ્રદાન કરે છે અને (પોતાની આ જ વ્યવસ્થાને કારણે) ધરતીમાં દરેક પ્રકારના સજીવોને ફેલાવે છે, હવાઓના પરિભ્રમણમાં, અને તે વાદળોમાં જે આકાશો અને ધરતી વચ્ચે આજ્ઞાને આધીન બનાવીને રાખવામાં આવ્યા છે, અસંખ્ય નિશાનીઓ છે. (પરંતુ ખુદાના એક હોવા પર દલીલ કરનારી આ તદ્દન સ્પષ્ટ નિશાનીઓ હોવા છતાં પણ) કેટલાક લોકો એવા છે જેઓ અલ્લાહ સિવાય બીજાઓને તેના સમકક્ષ અને પ્રતિદ્વંદ્વી બનાવે છે, અને તેઓ તેમને એટલા ચાહે છે, જેટલું અલ્લાહને ચાહવું જોઈએ, જો કે ઈમાનવાળા લોકોને સૌથી વધુ અલ્લાહ પ્રિય હોય છે. કદાચ, જે કંઈ સજાને સામે જોઈને તેમને સૂઝવાનું છે, તે આજે જ આ જાલિમોને સૂઝી જાય કે તમામ શક્તિઓ અને બધા અધિકારો અલ્લાહના જ કબજામાં છે અને એ કે અલ્લાહ સજા આપવામાં પણ ઘણો સખત છે. જ્યારે તે સજા આપશે, તે વખતે હાલત એ હશે કે તે જ આગેવાનો અને નેતાઓ, જેમનું દુનિયામાં અનુસરણ કરવામાં આવ્યું હતું, પોતાના અનુયાયીઓ સાથે સંબંધનો ઈન્કાર કરશે, પરંતુ સજા પામીને રહેશે અને તેમના તમામ માધ્યમો અને સંસાધનોનો સિલસિલો તૂટી જશે. અને તે લોકો જેઓ દુનિયામાં તેમનું અનુસરણ કરતા હતા, કહેશે કે કદાચ, અમને ફરી એક તક આપવામાં આવતી તો જેવી રીતે આજે આ અમારા સાથે વિમુખતાનું પ્રદર્શન કરી રહ્યા છે, એવી જ રીતે અમે પણ તેમનાથી વિમુખ થઈને દેખાડી દેતા. આમ, અલ્લાહ આ લોકોના તે કર્મો જે તેઓ દુનિયામાં કરી રહ્યા છે, તેમના સમક્ષ એવી રીતે લાવશે કે તેઓ પશ્ચાતાપ અને શરમ-સંકોચથી હાથ મસળતા રહેશે, પરંતુ આગમાંથી નીકળવાનો કોઈ રસ્તો મેળવી નહીં શકે." (સૂરઃબકરહ, ૨:૧૬૩-૧૬૭)

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

## અનુક્રમણિકા


**૦૪**
**મનોમંથન**
મોરબી દુર્ઘટના : અન્ય પરિપ્રેક્ષ્યમાં

**૦૬**
**પૈગામ**
ઉખુવત કા બયાં હોજા, મુહબ્બત કી ઝબાં હોજા

**૦૮**
**ચકચાર**
ગુજરાત ઈલેક્શન ૨૦૨૨: AAPની આક્રમક એન્ટ્રી

**૧૦**
**મંથન**
સાચર સમિતિની ભલામણોનાં ૧૬ વર્ષ બાદ ભારતીય મુસલમાનોની દશા અને દિશા

**૧૨**
**મૂળ પ્રશ્ન**
ધર્મ અને મધ્યમાર્ગ ધર્મો તથા દર્શનોનો સંયુક્ત વારસો

**૧૪**
**સૌંદર્ય બોધ**
આર્થિક પ્રગતિનું આયોજન

**૧૬**
**સમાધાન**
સામાજિક સૌહાર્દ: એક બુનિયાદી જરૂરિયાત

**૧૮**
**સ્ટેથોસ્કોપ**
વેર વિખેર થતું ભારતીય સામાજિક માળખું

**૨૧**
**ચર્ચાની એરણે**
ગર્ભપાત અને ભારતીય સમાજ

**૨૩**
**ઈતિહાસના અટારીએથી**
વચનપાલનના બે જ્વલંત દૃષ્ટાંતો

**૨૪**
**યુવા ચિંતન**
અધોગતિ તથા ગુમરાહીનું કારણ : કુર્આનથી અંતર

**૨૬**
**કરિયર**
કોમ્પ્યુટરથી સંલંગ્ન કોર્સ કરીને પોતાનું ભવિષ્ય બનાવો

**૨૯**
**ચિંતન-મનન**
સામાજિક સૌહાર્દ અને આપણું મીડિયા

**૩૨**
**આરોગ્ય**
સંધિવાનો રોગ

**૩૪**
**બાળજગત**
ખૂબસૂરત છોકરો


YUVASAATHI.COM

### તંત્રી લેખ.. મનોમંથન

# મોરબી દુર્ઘટના : અન્ય પરિપ્રેક્ષ્યમાં

ગત દિવસોમાં ગુજરાતનાં મોરબી શહેરમાં કેબલ બ્રિજ તૂટી પડવાની ખૂબ જ ભયાનક દુર્ઘટના બની. આ અકસ્માતમાં લગભગ ૪૦૦થી વધુ લોકો પ્રભાવિત થયાં, સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા અને અન્ય ઘણાં લોકો ગંભીર રીતે ઘાયલ થયા. ૩૦ ઓક્ટોબરના રોજ આ હૃદયદ્રાવક ઘટના બની અને થોડી જ વારમાં રાષ્ટ્રીય સમાચારોમાં હેડલાઈન્સ આવવા લાગી, બીજા દિવસે આંતરરાષ્ટ્રીય મીડિયાએ પણ આ અકસ્માતને કવર કર્યો, ત્યાં જ સોશ્યલ મીડિયા પર પણ સતત પ્રક્રિયાઓનો સિલસિલો શરૂ થયો. મીડિયા અને સોશ્યલ મીડિયા ઉપર પ્રક્રિયાઓનો સિલસિલો મોટાભાગે રાજકીય હતો, સત્તા પક્ષ પર સવાલો ઉઠવા લાગ્યા, વહીવટીતંત્રની નિષ્ફળતાઓ પર પણ સવાલો ઉઠ્યા,

સંવેદનાઓ વ્યક્ત કરવામાં આવી. સામાન્ય રીતે આ પ્રકારની દુર્ઘટના પછી જે થાય છે તે બધું જ બન્યું અને બનવું પણ જોઈતું હતું, કારણ કે આ અકસ્માત પ્રાણીઓ અને રોબોટ્સ વચ્ચે નહીં, પરંતુ માનવ સમાજમાં થયો હતો. એક સભાન અને સંવેદનશીલ જીવનાં સમાજમાં બન્યું છે, તેથી મન અને હૃદયમાં ચિંતા પેદા થવી આવશ્યક હતી.

પરંતુ આ સમગ્ર ઘટનામાં સામાજિક-રાજકીય પાસાં સિવાય એક ખૂબ જ મૂળભૂત પાસું પણ છુપાયેલું છે, જે ઘણીવાર અવગણવામાં આવે છે, અથવા તો તે આપણી ચેતનામાં જન્મતું જ નથી. તે છુપાયેલ પાસું મૃત્યુ છે. હા, તમે સાચું જ વાંચ્યું, મેં મૃત્યુ જ લખ્યું છે. હકીકતમાં, આપણું સામાજિક વાતાવરણ એટલું ભૌતિકવાદી બની ગયું છે કે મૃત્યુનો વિચાર આપણી ચેતનામાંથી ખાલી થતો જાય છે. અને જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે આપણે ફક્ત રાજનૈતિક અને સામાજિક પ્રતિભાવો આપી મનને શાંત કરી લઈએ છીએ. પરંતુ આપણે આ ભૂલી જઇએ છીએ કે ખુદા ન કરે આવાં અકસ્માતો આપણી સાથે પણ થઈ શકે છે. ખુદા કરે આવા અકસ્માતો કોઈની સાથે ન થાય.  પરંતુ મૃત્યુ તો એક અટલ વાસ્તવિકતા છે, જે મને અને આપ બધાંને આવીને જ રહેશે. આ એ બોધપાઠ છે જે હું માનું છું કે દરેક જીવિત અને બુદ્ધિશાળી વ્યક્તિને આવી ઘટનાઓમાંથી સૌપ્રથમ લેવો જોઈએ. કારણ કે મનુષ્યની સૌથી મોટી સમસ્યા તેના મૃત્યુની સમસ્યા છે. મૃત્યુ શું છે? તે શા માટે આવે છે? મૃત્યુ પછી શું થાય છે? આ એવા પ્રશ્નો છે જે મનુષ્યના મનમાં વારંવાર આવવા જોઈએ, જેથી કરીને તેઓ તેમના જીવનનો સાચો હેતુ સમજી શકે. કુર્આન મૃત્યુ અને જીવન સંબંધે ફરમાવે છે કે,

''દરેક સજીવે મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે, અને અમે સારી અને ખરાબ પરિસ્થિતિઓમાં મૂકીને તમારા સૌની પરીક્ષા કરી રહ્યા છીએ. છેવટે તમારે અમારા જ તરફ પાછા ફરવાનું છે.'' (૨૧:૩૫)

પરંતુ માનવીની સ્થિતિ એવી છે કે આ જીવનને એક પરીક્ષા અને નશ્વરતા સમજવાને બદલે તેણે વૈભવી અને ટકાઉ જીવન સમજી લીધું છે. સંસારના આનંદમાં એટલો મગ્ન બની ગયો છે કે મૃત્યુ પછી આવનાર જીવન માટે કોઈ તૈયારી કરી શકતો નથી. કુર્આન આ પરિસ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે,

''તમને લોકોને વધુને વધુ અને એકબીજાથી વધીને દુનિયા પ્રાપ્ત કરવાની ધુને ગફલતમાં નાખી રાખ્યા છે, ત્યાં સુધી કે (આ જ ચિંતામાં) તમે કબરોના કિનારા સુધી પહોંચી જાઓ છો.'' (૧૦૨:૧,૨)

હકીકતમાં, મૃત્યુની સ્મૃતિ માત્ર મૃત્યુ પછીના જીવન સાથે સંબંધિત નથી, પરંતુ આ સાંસારિક જીવન સાથે પણ ખૂબ ઊંડી છે. વિખ્યાત ઈસ્લામિક વિદ્વાન મૌલાના વહીદુદ્દીન ખાન મૃત્યુની વિભાવનાને મનુષ્યો માટે માસ્ટર સ્ટ્રોક તરીકે વર્ણવે છે અને લખે છેઃ

''મૃત્યુનો ખ્યાલ માણસ માટે માસ્ટર સ્ટ્રોક જેવો છે. માસ્ટર સ્ટ્રોક કેરમ બોર્ડ પરની તમામ ગોટીઓને તેમની જગ્યાએથી ખસેડી દે છે. આમ, જો મૃત્યુનો વિચાર માણસમાં જીવંત હોય, તો તેના મનનાં તમામ ખૂણા હચમચી જાય છે. તેની વિચારસરણી અને તેની ઈચ્છા એક જ સમયે બદલાઈ જાય. તેના જીવનમાં એક ક્રાંતિ આવશે જે તેને એક નવો વ્યક્તિ બનાવશે. મોતથી ગફલત માણસને બેખબર બનાવે છે. તેનાથી ઊલટું મોતનું સ્મરણ માણસને સંપૂર્ણ બાખબર અને સભાન વ્યક્તિ બનાવી દે છે.''

માણસ વિશેની આ મૂળભૂત અને અસાધારણ હકીકત છે જે તેણે યાદ રાખવી જોઈએ. મૃત્યુ અને તેના પછીનું જીવન માણસ માટે સૌથી મોટી ચિંતા (Concern) બનવી જોઈએ, કારણ કે આ ચિંતા જ વ્યક્તિને જીવનની વાસ્તવિકતાથી પરિચિત રાખે છે, આનાથી વ્યક્તિમાં દુષ્ટતાનો ઉપચાર થાય છે અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન મળે છે, અને જ્યારે આ સ્થિતિ સામૂહિક સ્તરે પ્રગટ થાય છે, ત્યારે સમાજમાં ભલાઈ, શાંતિ, દયા, નિઃસ્વાર્થતા અને ત્યાગનો પ્રચાર થાય છે અને અનિષ્ટો નબળા પડવા લાગે છે. જરૂર આ વાતની છે કે આપણે વિશ્વમાં બનતી આવી ઘટનાઓ અને અકસ્માતોને આ પાસાથી પણ ચિંતન-મનન શરૂ કરીએ, આપણી સમીક્ષાઓમાં આ પાઠને પણ સામેલ કરીએ. માનવ સમાજને એવી રીતે શિક્ષણ-પ્રશિક્ષણ કરીએ કે સમાજ બોધપાઠના પાસાઓને તમામ વસ્તુઓમાં પ્રાથમિકતા આપવાનું શરૂ કરે.

***—જાવેદ આલમ કુરૈશી***

# ઉખુવત કા બયાં હોજા, મુહબ્બત કી ઝબાં હોજા

**પૈગામ**



**શકીલઅહમદ રાજપૂત**

આશરે સો વર્ષ પહેલાં આઝાદીની ચળવળની સાથે સાથે હિન્દુત્વવાદી વિચારકોએ હિંદુ મુસ્લિમ દુશ્મની અને ભેદભાવનું બીજ વાવ્યું હતું. સંઘે તેના હિંદુ રાષ્ટ્રના સ્વપ્નને સાકાર કરવા ખૂબ વૈચારિક માવજત કરી. તે વિચાર હવે વટવૃક્ષ બની ગયું છે. હિંદુ સમુદાયનું ધ્રુવીકરણ કરવા સાવરકરે એક બાજુ હિન્દુત્વનો શબ્દ અને વિચાર સૌ પ્રથમ રજૂ કર્યો અને બીજી બાજુ ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં મુસ્લિમ રાજાઓના હુમલાને ખૂબ જ અતિશયોક્તિપૂર્વક અને પક્ષપાતી રીતે રજૂ કર્યા . દાખલા તરીકે તેઓ લખે છે કે મુસલમાન યુદ્ધમાં પુરુષોને કત્લ કરતા હતા અને સ્ત્રીઓને બળજબરીથી મુસલમાન બનાવતા હતા. અને આગળ લખે છે કે "દરેક મુસ્લિમની ધાર્મિક જવાબદારી હતી કે તેઓ હિંદુ સ્ત્રીનું અપહરણ કરી તેની સાથે શારીરિક સંબંધ બનાવે અને બળપૂર્વક મુસલમાન બનાવે કે જેથી તેનો વંશ આગળ વધે. આ મુસલમાનોનું યુદ્ધનું ઝનૂન ન હતું બલ્કે



પોતાની જનસંખ્યા વધારવાનું પૂર્વ નિયોજિત ષડ્યંત્ર હતું." આવી ઘણી બાબતો દ્વારા બંને સમુદાયો વચ્ચે ગેરસમજો ઊભી કરાઈ અને અંતર વધાર્યું.

મુસલમાનોની સૌથી મોટી નિષ્ફળતા એ હતી કે તેઓ સામૂહિક રીતે પોતાના વાણી વ્યવહારથી ઈસ્લામનો સાચો પરિચય ન આપી શક્યા. એક સામાન્ય વસ્તુ યાદ રાખવી જોઈએ કે જયારે બે ભાઈઓ ઝઘડો કરે છે તો તેમાં કોઈ વિજયી થતો નથી, પરંતુ પ્રેમ હારી જાય છે. તે જ રીતે નફરત અને દ્વેષથી કોઈ સમુદાય વિશેષનો લાભ થવાનો નથી પણ દેશ નબળો પડશે,તે ચોક્કસ છે.

પ્રવર્તમાન દેશની પરિસ્થિતિ બારૂદના ભંડાર જેવી થઈ ગઈ છે. ગેરસમજો અને ભ્રમણાઓ મોટાપાયે જોવા મળે છે. જ્યાં સુધી તે દૂર ન થાય દેશમાં શાંતિનો માહોલ શક્ય નથી. સોશ્યલ મીડિયાના આ યુગમાં કોઈ પણ માહિતી ખૂબ જ ઝડપી રીતે પ્રસરી જાય છે અને ભાંગફોડ સર્જે છે. ખોટી માહિતી તથા અપપ્રચારના આધારે મુસ્લિમ સમુદાય વિશે એક નકારાત્મક છબી ઉપસી આવી છે. હવે તેને દૂર કરવાની જવાબદારી મુસ્લિમ સમુદાયની જ છે. કોમવાદી લોકોએ જે ગંદકી ફેલાવી છે, સ્વચ્છ પાણીથી તેને આપણે જ દૂર કરવી રહી.

ઈસ્લામ તલવારથી ફેલાયો છે, મુસલમાનો પોતાની જનસંખ્યા વધારી આ દેશ પર કબ્જો કરવા માંગે છે, મુસલમાનો ગંદા અને ઝઘડાળુ હોય છે, તેઓ ચાર પત્ની અને ૨૫ બાળકો કરે છે, તેઓ પોતાની બહેનથી વિવાહ કરે છે, અલ્લાહુ અકબરનો મંત્ર બોલી તેઓ મોઘલ બાદશાહ અકબરના ગુણગાન કરે છે. તેઓ દરેક કાર્ય હિંદુઓથી ઊલટા કરે છે. તેઓ જ્યાં રહે છે ત્યાં ક્યારેય શાંતિ સ્થાપિત થઈ શકતી નથી. મુસલમાનો આતંકવાદ ફેલાવે છે. ધર્મ પરિવર્તન કરાવવા તેમને બહારથી મદદ મળે છે. મુસલમાનોની તીર્થ ભૂમિ અરબ છે, તેથી તેઓ ક્યારેય દેશના વફાદાર થઈ શકતા નથી. મુસલમાનો ગઝ્વાએ હિન્દનું ષડ્યંત્ર રચી રહ્યા છે અને પાકિસ્તાન સાથે મળી દેશ પર કબ્જો કરશે. તેઓ યોજનાબદ્ધ રીતે લવ જિહાદ અને લેન્ડ જિહાદ કરી રહ્યા છે,વગેરે વગેરે.

અમૃતને ઝેર તરીકે ચીતરવામાં આવી રહ્યું છે કે જેથી પોતાના નિર્ધારિત હિત સાકાર થાય અને મુસલમાનો વધુ ને વધુ કમજોર બને. નફરતના મદારીઓએ પોતાની મશીનરી, અસત્યનું પ્રસારણ કરવા લગાવી દીધી છે અને તેના ફાયદાઓ પણ મેળવી રહ્યા છે. તેથી આજે રાજનેતાઓની ફેશન બની ગઈ છે કે પોતાની જાતને બીજાથી વધુ

ચઢિયાતો હિંદુ દર્શાવવો અથવા મુસ્લિમ વિરોધી સુર અલાપવો. હવે દેશમાં આ ઘૃણાની માનસિકતા જેટલી પ્રબળ બનશે, સમાજમાં કોમી તંગદિલી તેટલી જ વધશે. આ ગેરસમજો આજની નથી કે ઉપલા સ્તરની નથી. તેના મૂળ ખૂબ ઊંડા છે. ૧૦૦ વર્ષથી એકનો એક પ્રચાર સતત ચાલી રહ્યો છે. ચાર ચાર પેઢી આ કુપ્રચારથી પ્રભાવિત થઈ છે, જેણે હવે માનસિક વિકૃતિનું રૂપ લઈ લીધું છે.

જો આપણે સાચે જ દેશ ઉપર કોઈ ઉપકાર કરવા માગતા હોઈએ તો એક મહત્ત્વનું કાર્ય આ જ છે કે દેશ બાંધવો સાથે વધુ ને વધુ સંપર્ક વધારીએ. પોતાના ચરિત્ર અને વર્તનથી તેમના મગજમાં રહેલી ખોટી માન્યતાઓને દૂર કરીએ અને ઈસ્લામનો સાચો સંદેશ તેમના સુધી પહોચાડીએ. મોડું તો થયું છે પણ ઘણું મોડું નથી થયું. ઓછામાં ઓછા ૫૦ વર્ષનું આયોજન કરીએ અને અમે પોતે ઈસ્લામનું વ્યવહારુ ઉદાહરણ બની પ્રત્યક્ષ તેઓને દર્શાવીએ.

ફક્ત ઈસ્લામ વિશેની ગેરસમજો જ નથી પણ મુસલમાનોની ઘણી બધી સામાજિક બૂરાઈઓ પણ છે, જેની અસરો દૂર કરવી પડશે. પ્રજામાં વૈચારિક અંધકાર અને ભૌતિક્વાદની પરાકાષ્ઠા છે. અંધ શ્રદ્ધા છે અને કુરિવાજો છે, જેના કારણે સામાન્ય વ્યક્તિ મનેચ્છાઓના જાળમાં ફસાયેલી છે. આર્થિક અને રાજનૈતિક કટોકટી છે. નૈતિક અધઃપતન અને જીવન ઉદ્દેશ્યથી વંચિત માનવતાને સાચા માર્ગની જરૂર છે.

આ આપણી માનવીય જવાબદારી પણ છે અને દેશના ગંભીર નાગરિક હોવાના નાતે નાગરિક ફરજ પણ. શક્ય હોય તેટલા પ્લેટફોર્મ ઊભા કરીએ. વાર-તહેવારે એક બીજાના ઘરે જઈએ.મિલન-મુલાકાતના દરેક પ્રસંગને અગ્રતા આપીએ. આજે મુસ્લિમ સમુદાય જે પરિસ્થિતિથી પસાર થઈ રહ્યો છે તેમાં કોઈ નકારાત્મક પ્રતિક્રિયા આપવાની જરૂર નથી, ન જ નિરાશ થવાની કે ઉગ્ર બનવાની જરૂર છે. કુર્આનમાં વર્ણવેલ ઘણા કિસ્સાઓ છે કે અલ્લાહે કેવી રીતે કમજોર સમુદાયને સંસારમાં પ્રાધાન્ય આપ્યું. દુશ્મનો પોતે ઈસ્લામના આવાહક અને રક્ષક બની ગયા.

કુર્આનના અવતરણ પહેલાંનો આરબ દેશ અને તેના ૨૩ વર્ષ પછીનું અરબસ્તાન જોઈ લો. અલ્લાહે પાતાળમાં પડેલી એક કોમ ને દુનિયાના આકાશ પર બિરાજમાન કરી દીધી. માત્ર સત્તા પરિવર્તન જ ન થયું બલ્કે સંપૂર્ણ જીવન પરિવર્તન થઈ ગયું. આટલા ટૂંક સમયમાં આટલી સફળ અને વ્યાપક વૈશ્વિક ક્રાંતિ માનવ ઈતિહાસમાં ક્યારેય નોંધાઈ નથી.

આપણે અલ્લાહના પ્રકોપની રાહ જોઈને બેસી રહી શકતા નથી. ન જ કોઈ ચમત્કારના ભરોસે ઘરમાં બેસી રહીએ. થોડા ઘણા જે પણ પ્રયત્નો કરીશું, તેના ફળ જરૂર મળશે. આપણી નવી પેઢીને પ્રશિક્ષિત કરીએ કે ઈસ્લામી જીવન કેવી રીતે જીવી શકાય. સમાજમાં ઈસ્લામ વિરુદ્ધ જે કાંઈ નકારાત્મક વાતાવરણ ઊભું થયું છે તેને નાબૂદ કરવા ચળવળ ચલાવવી પડશે. આ કાર્ય મુશ્કેલ જરૂર લાગે છે પણ અસંભવ નથી.


અન્યાયની નગરીમાં ન્યાયની સ્થાપના કરવી,ખોટાઓના મહેલોમાં સત્ય ઉચ્ચારણ કરવું, અત્યાચારી સામે ધૈર્યની ચટ્ટાન બની જવું, નફરત સામે પ્રેમનું વહેણ બની જવું,અંધકાર સામે પ્રકાશનો મીનાર બની જવું એ આપણી ધાર્મિક જવાબદારી પણ છે.

નફરતના વાદળો લાંબા સમય સુધી રહી શકતા નથી. અલ્લાહની કૃપાના પડછાયા હંમેશાં આપણી સાથે છે. બસ જરૂર છે, ઈસ્લામનું જ્ઞાન પ્રાપ્ત કરી, કુર્આન અને હદીસ પાકથી સંબંધ મજબૂત બનાવીએ. હઝરત મુહમ્મદ ﷺના શિક્ષણથી પોતાના હૃદયને શણગારીએ તથા દેશના વિકાસ અને ઉન્નતિમાં પોતાની ભૂમિકા ભજવીએ. જો તમે દેશમાં કોમી સૌહાર્દ લાવવા માંગતા હોય કે નફરત અને દ્વેષનું વાતાવરણ નાબૂદ કરવા ઈચ્છતા હોવ, જો તમે ભૌતિક પ્રગતિ સાધવા માંગતા હોવ કે એક મજબૂત શક્તિ બનવા માંગતા હોવ, દુનિયાના માર્ગદર્શક બનવા માંગતા હોવ કે સત્તાના આકાશમાં ચમકવા માંગતા હોવ, તો તેનો એક ને એકમાત્ર ઉપચાર છે .અને તે એ કે ઈસ્લામના સાચા એમ્બેસેડર બની જાવ. મને આશા છે કે તમો વિપરીત પરિસ્થિતિઓમાંથી અવસરની ક્ષણો ચોરી ભવિષ્યના સુંદર નિર્માણ માટે ધૈર્યવાન બની મેદાનમાં આવશો.

**ગુઝર જા બનકે સૈલે તુંદ રો**
**કોહ વ બ્યાબાં સે**
**ગુલિસ્તાન રાહ મેં આયે તો**
**જુએ નગ્મા ખ્વાં હોજા**
**તેરે ઈલ્મ વ મુહબ્બત કી**
**નહીં હૈ ઈન્તેહા કોઈ**
**નહીં હૈ તુઝ સે બઢકર સાઝે ફિતરત**
**મેં નવા કોઈ**
**(અલ્લામા ઈકબાલ રહ.)**


**Prince Fabrication**

PF
Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

# ગુજરાત ઈલેક્શન ૨૦૨૨:
# AAPની આક્રમક એન્ટ્રી

**ચકચાર**



**એમ.જી. વહોરા**

એક તરફ બિહારમાં નિતિશકુમારે ભાજપથી છેડો ફાડીને મહાગઠબંધનમાં પોતાને ગોઠવી દીધા છે, તો બીજી તરફ પંજાબમાં જીત મેળવ્યા બાદ AAP પશ્ચિમી રાજ્યમાં પગ જમાવવા ઉત્સુક છે. ગુજરાતમાં ડિસેમ્બરમાં ચૂંટણી થવાની છે અને મતદાન એવા સમયે થવાનું છે જ્યારે વિપક્ષને નિતિશ કુમારના રૂપમાં મોદીને હરાવવાની આશાના કિરણો જોવા મળી રહ્યા છે. તેણે હાલમાં જ ભાજપ સાથે જૂના સંબંધ તોડી નાખ્યા છે અને હવે તે વિપક્ષી એકતા પર કામ કરી રહ્યા છે. ગુજરાત રાજ્ય વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ઘર છે. ભાજપ ૧૯૯૫ થી ચૂંટણી જીતી રહ્યું છે. ૧૯૯૬માં તેની સરકાર જૂથવાદી યુદ્ધ પછી શંકરસિંહ વાઘેલા ની આગેવાનીમાં પડી ગઈ હતી, પરંતુ ૧૯૯૮ ની ચૂંટણી જીત્યા પછી તે ફરીથી સત્તા પર આવી. અને ત્યારથી તે ભાજપનો અતૂટ ગઢ છે. તે એવા ત્રણ રાજ્યોમાંથી એક છે જ્યાં તે ઘણા વર્ષોથી સત્તામાં છે. એમપી અને છત્તીસગઢમાં પાર્ટી ૧૫ વર્ષથી સતત સત્તામાં છે. જ્યારે ગુજરાતમાં જીતનો સિલસિલો હાલમાં ૨૪ વર્ષનો છે. પશ્ચિમ બંગાળનો સામ્યવાદી પક્ષનો ૩૨ વર્ષનો રેકોર્ડ તોડવા તરફ તે સાતત્ય સાથે આગળ વધી રહી છે.

AAPએ આ વખતે પોતાની એન્ટ્રીથી ચૂંટણીને ત્રિકોણીય હરીફાઈ બનાવી દીધી છે. રાજ્ય ૧૯૯૮થી દ્વિધ્રુવી હરીફાઈનું સાક્ષી રહ્યું છે, જેમાં ભાજપનો સત્તા પર કબજો યથાવત છે અને કોંગ્રેસને વિપક્ષનું સ્થાન મળ્યું છે. AAP રાષ્ટ્રીય રાજકારણમાં વધુ આગળ વધવા માટે આગામી ચૂંટણીમાં યોગ્ય પ્રદર્શન કરવાની આશા રાખે છે. હાલમાં તે ત્રણ રાજ્યોમાં હાજરી ધરાવે છે. દિલ્હી, પંજાબ અને ગોવા. પાર્ટીએ ગયા વર્ષે સૂરત મહાનગરપાલિકામાં ૧૨૦માંથી ૨૭ બેઠકો જીતી હતી અને તે ભાજપ સામે મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઊભરી હતી. રાજકોટ અને ગાંધીનગરમાં પણ સારો દેખાવ કર્યો હતો. જો કે તેનો સીધો ફાયદો ભાજપને જ થયો હતો. AAP માટે ગુજરાતમાં પ્રવેશવાની આ પહેલી ઘટના નથી. ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં તેણે થોડી બેઠકો પર ચૂંટણી લડી હતી અને લડાયેલી બેઠકો પર ડિપોઝિટ ગુમાવી હતી. કોઈ ખાસ પ્રચાર કે આક્રમકતા પણ જોવા ન'હોતી મળી. તાજેતરમાં AAP એ ૫૩ બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી છે અને એવી અપેક્ષા છે કે તે ટૂંક સમયમાં મુખ્યમંત્રી ચહેરાની પણ જાહેરાત કદાચ કરશે.તેઓએ બીટીપી



સાથે જોડાણ કર્યું હતું, જે એક પ્રાદેશિક સંગઠન છે અને આદિવાસી પટ્ટામાં પ્રવેશ કરવા આદિવાસીઓના ઉત્થાન માટે કામ કરે છે. આદિવાસીઓ વસ્તીના ૧૫ ટકા છે. જો કે આ જોડાણ પ્રાથમિક તબક્કામાં જ ડગમગી રહ્યું છે. તે મુસ્લિમ મતો માટે AIMIM સાથે પણ કદાચ જઈ શકે છે, જો કે હવે તેની શકયતા નહિવત છે. ગુજરાતની કુલ વસ્તીના ૧૦ ટકા મુસ્લિમો છે.

હમણાં જ દિવાળી પર્વ ઉપર કેજરીવાલે મોદી સા.ને અપીલ કરી કે ગાંધીજીની સાથે રૂપિયાના ચલણ ઉપર હિંદુ દેવી દેવતા લક્ષ્મી અને ગણેશજીના ફોટા પણ છાપે. આમ સ્પષ્ટ રીતે તેઓ ભાજપ અને આરએસએસ થી પણ ચડિયાતું હિન્દુત્વ કાર્ડ લઈ મેદાનમાં ઊતરી ગયા છે.

વિપક્ષ કોંગ્રેસ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી બાદ અનેક આંચકા અનુભવતી હોવા છતાં રેસમાંથી બહાર નથી. કોંગ્રેસ પાર્ટીએ છેલ્લી ચૂંટણીમાં ૭૭ બેઠકો મેળવીને સારું પ્રદર્શન કર્યું હતું અને ભાજપને ૧૦૦ ની નીચે રોકી દીધું હતું. જો કે તેના ઘણા અગ્રણી નેતાઓ વંડી ઠેકી ભાજપમાં ગોઠવાઈ ગયા છે. ૧૯૯૮ પછી આ પ્રથમ વખત હતું જ્યારે ભાજપે ૧૦૦થી ઓછી બેઠકો જીતી હતી. તેઓએ હાર્દિક પટેલનો ઉપયોગ કરીને પાટીદારો માટે અનામતની માંગણી કરીને પટેલ કાર્ડ રમ્યું હતું, જે પાટીદારો પરંપરાગત ભાજપના મતદારો છે. જેના કારણે સીટોના ?? મામલે કોંગ્રેસમાં ઉછાળો આવ્યો હતો. હાર્દિક પટેલની સાથે તેઓએ અન્ય પછાત વર્ગો અને દલિતોને ભાજપ વિરુદ્ધ કરવા માટે અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણીનો પણ ઉપયોગ કર્યો હતો. ગત ચૂંટણી દરમિયાન આ ત્રણેય પરિબળોએ કોંગ્રેસને મદદ કરી હતી.

પરંતુ આ વખતે કોઈ પાટીદાર આંદોલન નથી અને હાર્દિક પટેલ હવે ભાજપમાં જોડાઈ ગયો છે. અલ્પેશ પણ ભાજપમાં જઈ ચૂંટણી હારી ખૂણામાં હડસેલાઈ ગયો છે. કોંગ્રેસે છેલ્લા ૫ વર્ષમાં શ્રેણીબદ્ધ પક્ષપલટાનો સામનો કરવો પડ્યો છે. પરંતુ તેમ છતાં તે એકમાત્ર એવો પક્ષ છે જે ભાજપને સખત ટક્કર આપી શકે છે.ગ્રામ્ય વિસ્તારમાં તેની મજબૂત પકડ છે. રાષ્ટ્રીય પ્રમુખની ચૂંટણી અને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને મળેલ બહોળા આવકાર પછી તેની કેડર નીચે સુધી ઉત્સાહિત છે. અલબત્ત રાહુલ ગાંધીએ ગુજરાતને આ યાત્રામાં જો આવરી લીધું હોત તો તેનો ફાયદો પક્ષને ચોક્કસ જ મળી શકતો અને કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર પણ સીધો જ થઈ જતો.

AAP ભાજપ સામે લડીને સત્તા કબજે કરવા માટે કોંગ્રેસ જેવી સ્થિતિમાં નથી. તેમને આ વખતે ભાજપ વિરોધી મતોમાં વાજબી હિસ્સો મળી શકે છે, જે અગાઉની ચૂંટણીઓમાં કોંગ્રેસે સૌથી વધુ મેળવ્યો હતો. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી માટે આ ગંભીર ચિંતાનો વિષય છે અને મોટો પડકાર પણ છે. થોડાક શહેરી મતો પણ તે ભાજપના લઈ જઈ શકે છે. આ સિવાય AAP રાજ્યમાં કોઈ ખાસ અસર નહીં કરી શકે તેમ જણાઈ રહ્યું છે. પરંતુ ૫ વર્ષ પછી તેને જગ્યા મળી શકે છે અને તેની આ તૈયારી હોઈ શકે છે. જયારે લોકો એન્ટી ઈક્મબન્સી મોડમાં ભાજપથી થાકી જાય ત્યારે કોંગ્રેસ સિવાયનો વિકલ્પ જનતાને મળી રહે તેવી RSSની ગોઠવણના ભાગ રૂપે આ સ્ટ્રેટેજી ગુજરાતમાં પણ ગોઠવાઈ રહી છે.

ભાજપ અને કોંગ્રેસ પછી AAP એકમાત્ર એવી પાર્ટી છે કે જેની પાસે બે અલગ-અલગ રાજયોમાં બહુમતી સરકાર છે. તેણે પંજાબમાં નબળી પડી ગયેલી કોંગ્રેસને હરાવી જ્યાં ભાજપની હાજરી નથી. પરંતુ ગુજરાતનો પડકાર ઘણો મુશ્કેલ છે, કારણ કે તેનો સામનો મજબૂત ભાજપ સામે છે. અરવિંદ કેજરીવાલને તેમની પાર્ટીને યોગ્ય રીતે ન્યાયના પક્ષે ઊભેલી બતાવવાની જરૂર છે, જે ભાવિમાં તેમને મોદી સામે એકમાત્ર વિકલ્પ તરીકે રજૂ કરવામાં મદદ કરી શકે. પરંતુ તેમને તેની પરવા ન કરતાં હિન્દુત્વને એજન્ડામાં અગ્રતા આપી છે. RSSની બી ટીમનો સિક્કો લાગે તેની પણ પરવા નથી કરી અને ઊલટાનું તે મુદ્દાથી તે હિંદુ મતો આકર્ષી શકશે અને ભાજપમાં પણ છેદ કરી શકશે તેવું ગણિત માંડ્યું છે.એટલા માટે ગુજરાતમાં AAP ખૂબ જ આક્રમક છે. જો કે રાજ્યમાં AAP માટે શ્રેષ્ઠ તકો કોંગ્રેસનો ભોગ લઈ રહી છે અને ભાજપની છબીને તે કદાચ સહેજ જ ઉઝરડો પાડી શકશે.

ચૂંટણી પંચ હવે ગુજરાતમાં પણ પોતાનું કેલેન્ડર પ્રગટ કરી દેશે અને પક્ષો તેમના ઉમેદવારોની યાદી બહાર પાડશે, પછી ખરાખરીનો જંગ મંડાશે. આવો આપણે આ લોકશાહીના પર્વને માણીએ. આ કેવીએટ સાથે કે કોઈ તૂફાન હુલ્લડો કે ધાંધલી નહીં થાય અને લોકશાહી, જેના બધા જ સ્વરૂપ ધૂંધળા થઈ રહ્યા છે તે નવી ચમક સાથે કદાચ બહાર આવી શકશે. —•—

લેખક નિવૃત મુખ્ય ઈજનેર, ગેટકો (જીઇબી) છે. મો.: 99252 12453
mgvgetco@yahoo.co.in

લખ્યા તા.૨૮ ઓક્ટોબર ૨૦૨૨

# સાચર સમિતિની ભલામણોનાં ૧૩ વર્ષ બાદ

# ભારતીય મુસલમાનોની દશા અને દિશા

**મંથન**



**મૌલવી ઇકબાલહુસૈન બોકડા**

૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે ઈન્ડિયા ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર, નવી દિલ્હી ખાતે એક દસ્તાવેજી મહત્ત્વ ધરાવતા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. પુસ્તકનું નામ છે Denial and Deprivation : Indian Muslims after the Sachar Committee and Rangnath Mishra Commission Repors. આ સંશોધનાત્મક પુસ્તક લખનાર છે મહારાષ્ટ્રના IPS અધિકારી અબ્દુર્રહમાન સાહેબ !

પુસ્તકમાં સાચર સમિતિની ભલામણોનાં ૧૩ વર્ષ અને રંગનાથ મિશ્રા કમિશન (RMC)ના અહેવાલના ૧૨ વર્ષ બાદ ભારતીય મુસલમાનોની શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય દુર્દશા તેમજ સરકારી નોકરીઓમાં મુસ્લિમોના ચિંતાજનક પ્રમાણ અંગે સમીક્ષા કરવામાં આવી છે. પુસ્તકમાં વિવિધ આધારભૂત તથ્યો અને આંકડાકીય માહિતીના આધારે



મુસ્લિમોની સ્થિતિનો સચોટ વિસ્તાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે. ૨૦ પ્રકરણોમાં વિભાજીત આ દળદાર પુસ્તક ભારતીય મુસ્લિમોની સ્થિતિનો અભ્યાસ રજૂ કરતા એક વિશેષ દસ્તાવેજ સમાન છે.

પુસ્તકના બીજા પ્રકરણમાં બન્ને અહેવાલોનો ટૂંકો સાર આપવામાં આવ્યો છે. આઝાદીના ૬૦ વર્ષ બાદ સૌ પ્રથમ વખત સાચર સમિતિએ ઈ.સ. ૨૦૦૬માં ભારે જહેમતના અંતે ભારતીય મુસલમાનોની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક દશાના આધારભૂત અહેવાલ સરકારને સુપ્રત કરીને મુસ્લિમોની આ ચિંતાજકન સ્થિતિ સુધારવા માટે ભલામણો કરી હતી. તેવી જ રીતે દેશની ધાર્મિક અને ભાષાકીય લઘુમતિઓની સ્થિતિના સર્વગ્રાહી અભ્યાસ માટે રચવામાં આવેલ રંગનાથ મિશ્રા કમિશને ૨૦૦૭માં પોતાનો અહેવાલ સરકારને સોંપ્યો હતો. RMCએ પોતાના રિપોર્ટમાં મુસ્લિમ સમુદાયને સરકારી અને જાહેર ક્ષેત્રની નોકરીઓ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણ આપવાની હિમાયત કરી હતી. એટલું જ નહીં, RMCએ બંધારણના ૧૯૫૦ના SC આદેશના પેરા ત્રણમાં સુધારો કરીને મુસ્લિમોને પણ અનુસૂચિત જાતિના આરક્ષણનો લાભ આપવાની આગ્રહપૂર્વક તરફેણ કરી હતી.

SCRને તેર વર્ષ અને RMCને બાર વર્ષ પૂરાં થવા છતાં આજે ભારતીય મુસ્લિમો વધુ વિકટ શૈક્ષણિક, આર્થિક, કાનૂની અને સામાજિક પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. એટલું જ નહીં, કેટલાક પ્રશ્નો વધુ ગંભીર બન્યા છે.

**ઝિંદગી હૈ યા કોઈ તૂફાન હૈ ?**
**હમ તો ઈસ જીને કે હાથોં મર ચલે**

લોકસભાના ૫૪૫ સાંસદોમાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૨૩ છે, જે વસ્તીના અનુયાતમાં ૮૭ હોવી જોઈએ. ૨૩૦ બેઠકોવાળી મધ્યપ્રદેશ વિધાનસભામાં બે અને ૧૮૨ બેઠકોવાળી ગુજરાત વિધાનસભામાં માત્ર ૩ મુસ્લિમ ધારાસભ્યો છે.

પુસ્તકના તેરમા પ્રકરણમાં સરકારી નોકરીઓમાં મુસલમાનોની સંખ્યાની વિસ્તૃત સંશોધનાત્મક છણાવટ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના વિવિધ

વિભાગોમાં વર્ષ ૨૦૦૬-૦૭માં કરવામાં આવેલી ભરતીઓમાં લઘુમતી (મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, બોદ્ધ અને પારસી)ની સંખ્યા ૧૨૧૮૨ હતી, જે કુલ ભરતીના ૬.૯૩ ટકા થાય છે. સાચર સમિતિની ભલમણોનાં પાંચ વર્ષ બાદ વર્ષ ૨૦૧૧-૧૨માં વિવિધ કેન્દ્રિય ભરતીઓમાં આ પાંચેય લઘુમતીઓની કુલ સંખ્યા ૧૮૩૭૯ હતી, જે કુલ ભરતીના ૬.૨૪ ટકા થાય છે.

દેશની આર્થિક બાબતો સાથે સંકળાયેલી સર્વોચ્ચ સંસ્થા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૦.૭૫ ટકા જેટલી નગણ્ય છે. આટલા મોટા તફાવતને જોતાં એ વાત સ્પષ્ટ છે કે દેશમાં બંધારણ મુજબ ન્યાય અને સમાનતા લાવવા માટે મુસ્લિમોને સરકારી અને જાહેર ક્ષેત્રની નોકરીઓમાં આરક્ષણ આપવામાં આવે.

૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ''ધ ઇકોનોમિક ટાઇમ્સ''ના પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ મુજબ બોમ્બે સ્ટોક એક્ષચેન્જ (BSE)ની ટોચની ૫૦૦ કંપનીઓમાં ડાયરેકટર્સ અને એકઝેક્યુટીવ જેવા ટોચના કુલ ૨૩૨૪ હોદ્દેદારોમાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૬૨ હતી, જે ૨.૬૭ ટકા થાય છે.

સુરક્ષા વિભાગમાં પણ મુસ્લિમોનું પ્રમાણ લગભગ નહિંવત છે. UPSC દ્વારા દર વર્ષે બે વખત NDA (નેશનલ ડિફેન્સ એકેડેમી)ની પરીક્ષા અને ઇન્ટરવ્યુ બાદ ભરતી કરવામાં આવે છે. ૨૦૦૬ થી ૨૦૧૫ દરમિયાન દસ વર્ષમાં NDA દ્વારા વિવિધ લશ્કરી પદો પર ૫૬૧૦ અધિકારીઓની ભરતી કરવામાં આવી, જેમાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૯૨ એટલે ૧.૬૪ ટકા હતી.

UPSC દ્વારા જ પ્રતિ વર્ષ ઇન્ડિયન મિલિટ્રી એકેડેમી, દહેરાદૂન, ભારતીય નૌકા એકેડેમી, એઝીમાલા અને એરફોર્સ એકેડેમી, હૈદરાબાદમાં વિવિધ અધિકારીઓની ભરતી માટે CDs (કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસિઝ)ની પરીક્ષા યોજાય છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૫ દરમિયાન CDs માટે ૧૫૮૨ હોદ્દાઓ પર ભરતી કરવામાં આવી. તેમાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૩૧ અર્થાત્ ૧.૯૬ ટકા હતી.

પ્રકરણ-૧૨માં ગરીબી અને આર્થિક સ્થિતિ અંગેની આંકડાકીય છણાવટ કરવામાં આવી છે. તેના એક ભાગમાં દેશમાં ભિખારીઓની સંખ્યાની માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. દેશમાં મુસ્લિમોની સંખ્યા માત્ર ૧૫ ટકા જેટલી હોવા છતાં ભીખ માંગનારાઓમાં મુસ્લિમોનું પ્રમાણ ૨૪.૯ ટકા છે. આ આંકડાઓમાં બીજી દુઃખદ વાત એ છે કે અન્ય તમામ ધર્મો સંબંધિત ભીખ માંગનારાઓમાં પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધારે છે, જ્યારે મુસ્લિમ ભીખ માંગનારાઓમાં પુરુષોની સંખ્યા ૪૩.૬ ટકા અને સ્ત્રીઓની સંખ્યા ૫૬.૪ ટકા છે.

**એક જગ્યાએ દર્દ હો તો થાય કંઈ એની દવા,**
**હોય જો રગ-રગ મહીં અંગાર, કોઈ શું કરે?**

ફેબ્રુઆરી-૨૦૧૩માં પ્રસ્તુત કરવામાં આવેલ UNDP અહેવાલ મુજબ શહેરી વિસ્તારોમાં BPLની સંખ્યા ઉચ્ચ જ્ઞાતિના હિન્દુઓ (UCH) કરતાં આઠ ગણી વધુ છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં બે ગણી કે બસો ટકા વધુ છે.

પશ્ચિમ બંગાળમાં મુસ્લિમોની સંખ્યા ૨૫.૨ ટકા હોવા છતાં અહીંના મુસ્લિમોની સ્થિતિ વધુ દયાજનક છે. અહીં સરકારી નોકરીઓમાં મુસ્લિમોનું પ્રમાણ માત્ર ૨.૧ ટકા છે.

૨૦૦૭માં UPSC દ્વારા ૪૭૪ અધિકારીઓની ભરતી કરવામાં આવી હતી, જેમાં મુસ્લિમોની સંખ્યા ૧૮ એટલે ૩.૭૯ ટકા હતી. ૯ વર્ષ બાદ ૨૦૧૬માં થયેલ UPSC વર્ગ ૧અનેર માટેની ૧૦૭૮ અધિકારીઓની ભરતીમાં મુસ્લિમોની સંખ્યા ૩૬ છે, જે ૩.૩૪ ટકા થાય છે. ૫મી એપ્રિલ, ૨૦૧૯ના દિવસે જાહેર થયેલ વર્ષ ૨૦૧૮ના UPSC માટે પસંદગી પામેલ ૭૫૯ ઉમેદવારોમા મુસ્લિમોની સંખ્યા ૩૦ છે, જે ૩.૯૫ ટકા થાય છે. સાચર સમિતિ અને રંગનાથ મિશ્રા કમિશનની ભલામણોનાં ૧૩ વર્ષ બાદ પણ ન તો મુસ્લિમોને આરક્ષણ આપવામાં આવ્યું છે કે ન તો તેમની સ્થિતિમાં સુધારા અંગે કોઈ પ્રકારના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

પુસ્તકમાં વકફની મિલકતોની દુર્દશા અને મદ્રસા શિક્ષણ વિશે પણ વિસ્તૃત અહેવાલ આપવામાં આવ્યો છે. સરકાર દ્વારા ઉર્દૂ ભાષા પ્રત્યે ભેદભાવપૂર્ણ નીતિ સચોટ પુરાવાઓ અને આંકડાકીય સંશોધન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ઉપરાંત મુસ્લિમ વિસ્તારોમાં સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને અન્ય સવલતો અંગેની હાલત પર વિશેષ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

સાચર સમિતિની ભલામણોના ૧૩ વર્ષ બાદ કોમના હિતચિંતક IPS અધિકારી અબ્દુર્રહમાન સાહેબે ભારે જહેમતના અંતે રજૂ કરેલ આ દસ્તાવેજી અહેવાલની અવગણના કરવાના બદલે દેશભરના મુસ્લિમ વિદ્વાનો અને સંસ્થાઓ તેનો કેટલી ગંભીરતાપૂર્વક અભ્યાસ કરે છે અને તે મુજબ આગામી આયોજન કરે છે, તે જોવાનું રહ્યું. આવતી પેઢી માટે આ સંશોધનની રોશનીમાં આયોજન કરવું એ સમયની માંગ છે.

**ગફલતને દો ફગાવી, બેદાર થઈને જીવો,**
**છોડોને આ હતાશા, ખુદ્દાર થઈને જીવો,**
**બેસી રહો કિનારે, તો મોતી ક્યાંથી મળશે?**
**ઝંપલાવી દો જીગરથી, મઝધાર થઈને જીવો.**

—●—

# ધર્મ અને મધ્યમાર્ગ

# ધર્મો તથા દર્શનોનો સંયુક્ત વારસો

**મૂળ પ્રશ્ન**



**શિબ્લી અરસલાન**

જીવનમાં સંતુલનનું મધ્યમ માર્ગનું ઘણું મહત્ત્વ છે, ચાહે તે વ્યક્તિગત જીવન હોય કે પછી સામુદાયિક તથા સામૂહિક કે પછી રાષ્ટ્રીય જીવન. જેમને મધ્યમ માર્ગ-સંતુલન સમજમાં નથી આવતું તેઓ જીવનને પણ સાચી રીતે સમજી નથી શકતા. જે નિર્જીવ છે, તે વાંકુ-ચૂંકુ કોઈ પણ સ્વરૂપ લઈ શકેછે, પરંતુ જે સજીવ છે તેની સમગ્ર યાત્રા જ અસંતુલનથી સંતુલન ભણી ચાલે છે. મધ્યમ માર્ગ-સંતુલન એક એવું વલણ છે, જેના પરિણામે હંમેશાં સારપ અને ભલાઈની ઉત્પત્તિ થાય છે. આનાથી વિપરીત અસંતુલિત વલણ વ્યક્તિ, સમાજ અને દેશ એમ સૌને બગાડના માર્ગે લઈ જાય છે.

સંતુલનની એક સામાન્ય પરિભાષા કોઈ પણ વિષયમાં બે પરસ્પર વિરોધી પાસાઓની વચ્ચે એક એવા ન્યાયસંગત વલણની રીતે કરવામાં આવે છે કે જેમાં કોઈ એકની ઉપેક્ષા કરીને બીજાને છૂટ આપવામાં ન આવે. સંતુલનને મધ્ય માર્ગ, સંયમ અને સમભાવ પણ કહેવામાં આવે છે. જ્યારે કે અંગ્રેજીમાં Moderation કહેવામાં આવે છે. આની સરખામણીમાં વિરુદ્ધઅર્થી શબ્દ રૂપે અતિરેક, અતિપ્રતિક્રિયાવાદ, અંતિમવાદ, ઉગ્રતા વિ. શબ્દોનો પ્રયોગ થાય છે.

સંતુલન એ મહત્ત્વપૂર્ણ મૂલ્યોમાંથી એક છે જે તમામ અથવા મોટાભાગના ધર્મો, દર્શનો અને



વિચારોમાં સમાન છે. દા.ત. પ્રાચીન યુનાની (ગ્રીક) દર્શન (Philosophy) અને ખ્રિસ્તી તથા યહૂદી ધર્મમાં આને Golden Meanના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવે છે. બૌદ્ધદર્શનમાં આને Majjhima - patipada (મધ્યમ માર્ગ) કહેવામાં આવે છે, જ્યારે કે તામિલ પરંપરામાં Naduvunilamai (Intermediate Situation) કહેવામાં આવે છે. ઇસ્લામમાં આના માટે અરબી ભાષાના શબ્દ 'એ'તિદાલ' અને 'વસ્તિયત' (Middle Way) મધ્યમ માર્ગનો ઉપયોગ થાય છે; જેમાં 'અદ્લ' અર્થાત્ ન્યાય તથા સંતુલન બન્ને અર્થ નિહિત છે. આ જ કારણ છે કે ઘણા બધા વિદ્વાનો આને પ્રાકૃતિક મૂલ્યરૂપે રજૂ કરે છે, જેના મહત્ત્વના અંગ હોવા બાબતે તમામ માનવોની સહમતિ છે. પરંતુ આ પણ સત્ય છે કે સંતુલનનું આટલું મહત્ત્વ હોવા છતાં તેમજ ધર્મો તથા દર્શનો (ફિલોસોફી)ની વચ્ચે સમાન બિંદુ હોવા છતાં આ અંગે માનવ-ઇતિહાસમાં ભારે બેદરકારી રહી છે.

આનું એક કારણ તો માનવ-મનોવિજ્ઞાન છે. માનવી એક વ્યક્તિના રૂપમાં હોય કે પછી સમાજના સ્તરે ,કોઈ એક તરફ તેનો ઝુકાવ રહે છે, અને આ રીતે સંતુલિત વલણથી તેની લડાઈ હંમેશા રહે છે. ઉદાહરણ સ્વરૂપ પ્રાચીનકાળથી આપણા મહાન વિચારકો અને દાર્શનિકો આ બિંદુ પર પરસ્પર લડતા કે ઉલઝતા રહ્યા છે કે વ્યક્તિ મહત્ત્વની છે કે સમાજ? અરસ્તુ (એરિસ્ટોટલ)એ વ્યક્તિને મહત્ત્વપૂર્ણ માની તો અફલાતૂન (પ્લેટો)એ સમાજને. આજ સુધી આ ચર્ચા થઈ રહી છે. વ્યક્તિ કેન્દ્રિત અને સમાજ કેન્દ્રિત બે અતિવાદી દૃષ્ટિકોણ અસ્તિત્વમાં આવી ગયા.

વાદ-ism બહુ એકેડેમિક અને બહુ વૈચારિક ન હોય . આવો, વર્તમાન પરિસ્થિતિઓ ઉપર વિચાર કરીએ છીએ. જો આપણે સામાજિક

ફોરમ (મંચ) અને રાજકીય પરિદૃશ્ય પર થનારી ચર્ચાઓ પર ધ્યાન આપીએ તો આપણે જોઈએ છીએ કે વર્તમાન વિકટ સ્થિતિ અસંતુલિત વિચાર અને અસંયમિત મનોભાવ તથા વૈચારિક સંકીર્ણતા અને પરિસ્થિતિઓ ઉપર અલ્પ દૃષ્ટિના પરિણામસ્વરૂપ ઉદ્ભવે છે. સોશ્યલ મીડિયાની ચર્ચાઓને જોઈએ તો વૈચારિક અતિવાદ અને અસંતુલિત ભાવનાની પરાકાષ્ટા જોવા મળે છે. રાજકીય ચર્ચા, સિદ્ધાંતો અને મૂલ્યોથી દૂર 'મોદીના સામે મોદી વિરોધ'ના સંકીર્ણ વર્તુળમાં જઈ ફસાઈ જાય છે.

પરિસ્થિતિઓ પર ટૂંકી દૃષ્ટિ અતિપ્રતિક્રિયાવાદને જન્મ આપે છે. હવે, સ્થિતિ આ છે કે એક જૂથની નજીક દેશની દરેક સમસ્યાના મૂળમાં મુસલમાન તથા મુસલમાનોનું કહેવાતું તૃષ્ટિકરણ છે, તો બીજા જૂથની નજરમાં આરએસએસ તથા ભાજપ છે. દેશની તમામ સમસ્યાઓની અસલ જડ મૂડીવાદી અર્થવ્યવસ્થાની કૂખે જન્મેલ મોંઘવારી તથા બેરોજગારી પર અત્યંત સરળ અને એક પક્ષીય રાજકીય કટાક્ષ કરીને કેટલાય "બુદ્ધિજીવીઓ" પોતાના કર્તવ્યનો અંત સમજી લે છે. અપરાધ અને અમાનવીય ઘટનાઓને ફકત કાયદા-કાનૂન અને વ્યવસ્થાનો મુદ્દો સમજવો પણ ટૂંકી દૃષ્ટિની સમસ્યા છે, જે અસંતુલિત વિચારનો દ્યોતક છે.

આથી આ અસંતુલન અને અતિવાદમાંથી નીકળવા માટે આવશ્યક છે કે સૌથી પહેલાં મુદ્દાઓ તથા સમસ્યાઓ પર વ્યાપક ચિંતન થાય, ખુલ્લા મને ચર્ચા થાય, મામલાના તમામ પાસાઓ પર નજર નાખવામાં આવે, મીડિયાના અહેવાલોના આધારે હંગામો કરવામાં

**સંતુલન એ મહત્ત્વપૂર્ણ મૂલ્યોમાંથી એક છે જે તમામ અથવા મોટાભાગના ધર્મદર્શનો અને વિચારોમાં સમાન છે. દા.ત. પ્રાચીન યુનાની (ગ્રીક) દર્શન** (Philosophy) **અને ખ્રિસ્તી તથા યહૂદી ધર્મમાં આને** Golden Mean**ના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવે છે. બૌદ્ધદર્શનમાં આને** Majjhima - patipada **(મધ્યમ માર્ગ) કહેવામાં આવે છે, જ્યારે કે તામિલ પરંપરામાં** Naduvunilamai (Intermediate Situation) **કહેવામાં આવે છે. ઇસ્લામમાં આના માટે અરબી ભાષાના શબ્દ 'એતિદાલ' અને 'વસ્તિયત'** (Middle Way) **મધ્યમ માર્ગનો ઉપયોગ થાય છે; જેમાં 'અદ્લ' અર્થાત ન્યાય તથા સંતુલન બન્ને અર્થ નિહિત છે. આ જ કારણ છે કે ઘણા બધા વિદ્વાનો આને પ્રાકૃતિક મૂલ્યરૂપે રજૂ કરે છે, જેના મહત્ત્વના અંગ હોવા બાબતે તમામ માનવોની સહમતિ છે. પરંતુ આ પણ સત્ય છે કે સંતુલનનું આટલું મહત્ત્વ હોવા છતાં તેમજ ધર્મો તથા દર્શનો (ફિલોસોફી)ની વચ્ચે સમાન બિંદુ હોવા છતાં આ અંગે માનવ-ઇતિહાસમાં ભારે બેદરકારી રહી છે.**

ન આવે. બીજું, અતિરેકના વચ્ચે ન્યાયસંગત પાસા સુધી પહોંચવાનો પ્રયત્ન થાય. ત્રીજું, દરેક વિષયમાં જરૂરી નથી કે મધ્યબિંદુ જ સંતુલિત માર્ગ હોય.તર્ક અને સંવેદનાના પ્રકાશમાં માનવતાના વિશાળ હિતમાં, મધ્યમ માર્ગની શોધ કરવામાં આવે.

અહીં આવશ્યકતા હોય છે માનવ-પ્રકૃતિ બનાવનાર અર્થાત્ અલ્લાહ-ઈશ્વરના આદેશોથી માર્ગદર્શન મેળવવાની. તે એટલા માટે કે જેણે આપણી પ્રકૃતિ બનાવીછે, તે વાસ્તવમાં સંતુલિત માર્ગ અને મધ્યમ માર્ગનું માર્ગદર્શન કરી શકે છે. અલ્લાહનો અંતિમ સંદેશ કુર્આન આપણી વચ્ચે પ્રાપ્ય છે. આ અંગે ભરપૂર માર્ગદર્શન માટે આકાશીય ગ્રંથ કુર્આનને ફકત મુસલમાનોનો જ ગ્રંથ સમજવામાં ન આવે, બલ્કે સમગ્ર માનવતાનો માર્ગદર્શક માનીને તેનું અધ્યયન કરવામાં આવે, તેને છાતીસરસો ચાંપવામાં આવે, અને જીવનમાં ઉતારવામાં આવે.

"કોઈ પણ સંપ્રદાય (કોમ-સમુદાય)ની દુશ્મની તમને આ વાત ઉપર ન ઉભારે કે તમે 'અદ્લ' (ન્યાય, મધ્યમ-માર્ગ, સંતુલન)થી ફરી જાવ." (કુર્આન, ૫:૮)

—•—


**Eye Guard Opticals**

Irfan Saiyad Mo. : 98252 84358




We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

# આર્થિક પ્રગતિનું આયોજન





**સૌંદર્ય બોધ**



**એસ. અમીનુલ હસન**

સુનિયોજિત માનવ-જીવનનું એક મહત્ત્વપૂર્ણ પાસુ તેની આર્થિક પ્રગતિ છે. મનુષ્યના જીવનમાં તેની આર્થિક પરિસ્થિતિની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. સામાન્ય રીતે આપણને આ સમજાવવામાં આવ્યું છે કે આર્થિક રીતે મજબૂત બનવા માટે વધુ પડતી ભાગ-દોડ કરવી ઉચિત નથી. આ સંતોષ તથા સંયમની વિરુદ્ધ છે. આપણે અલ્લાહ ઉપર ભરોસો કરી બેસવું જોઈએ, અને જે કાંઈ આપણા ભાગ્યમાં લખ્યું છે તે આપણને મળીને રહેશે. આથી બહુ વધારે ભાગદોડ કરવાની કોઈ આવશ્યકતા નથી. આ ધારણા ખોટી છે. ભાગ્યમાં શું લખ્યું છે એ આપણે નથી જાણતા, પરંતુ આપણે મહેનત કરવા અને પોતાની લાયકાત-યોગ્યતાઓ તથા ક્ષમતાઓને વધારવા પુરા સક્ષમ છીએ.


એક સમજદાર માણસે આર્થિક રીતે એવી યોજના બનાવવી જોઈએ કે આગળ જતાં તેનો વધુમાં વધુ સમય બચે, કે જેથી તે પરિવાર, સમાજ અને દેશના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે. આર્થિક ભાગદોડની ઝંઝટોમાં જીવનના અંતિમ શ્વાસ સુધી સપડાયેલા રહેવું એ બુદ્ધિમત્તા નથી. તેથી સમજદારી આ છે કે આર્થિક પ્રવૃત્તિઓને આયોજનપૂર્વક નિભાવવામાં આવે અને આર્થિક લક્ષ્યોને સમય પૂરો થાય તે પહેલાં હાસલ કરી શકાય, જેથી વ્યક્તિ સમાજ તથા ધર્મની સેવામાં પુરતો સમય આપી શકે.

સામાન્ય રીતે લોકો આર્થિક યોજનાઓ બનાવતા નથી. આજે દરેક વ્યક્તિ માટે વિભિન્ન આર્થિક સ્રોતોનું હોવું આવશ્યક છે. જો તમે નોકરી કરો છો તો સાથે નાનો-મોટો ધંધો પણ કરી શકો છો. તમે રેન્ટલ ઈક્રમ (ભાડાથી થતી આવક) પણ ઊભી કરી શકો છો. તમે આવકના કેટલાક અન્ય સ્રોત અને સાધન પણ પેદા કરી શકો છો. ઉદ્યોગપતિ છો તો હાલમાં જે સ્તરનો તમારો વ્યાપાર છે તેનાથી આગળના સ્તરે તે વધવો વિસ્તરવો જોઈએ. જો તમે ઘણા મોટા સ્તરના ઉદ્યોગપતિ છો તો તમારે બહારના દેશોમાં નિકાસ અંગે વિચારવું જોઈએ.

સ્ત્રી અને પુરુષ બન્નેના જીવનમાં આર્થિક પ્રગતિ થવી બહુ જરૂરી છે. મહિલાઓએ પણ આર્થિક રીતે સમૃદ્ધ હોવું જોઈએ. જો તેમની પાસે કોઈ પણ સ્વરૂપમાં ધન મોજૂદ છે તો તેનું સુનિયોજીત રીતે રોકાણ થવું જોઈએ. જ્યારે વ્યક્તિની આર્થિક સ્થિતિ સારી

હોય છે તો તેનું જીવન સન્માનનીય તથા ગરિમાપૂર્ણ હોય છે. આપનાર હાથ હંમેશ ઉપર હોય છે, અને લેનાર હાથ હંમેશાં નીચે હોય છે. આર્થિક રીતે મજબૂત વ્યક્તિ સમાજના નિર્માણમાં સારી ભૂમિકા ભજવી શકેછે. જે લોકો સમાજને કંઈ પણ નથી આપતા, તો સમાજ પણ તેમની પરવા નથી કરતો.


એકાગ્રતાથી ધાર્મિક તથા સામાજિક કાર્યોને



પૂરા કરવા માટે આ જરૂરી છે કે વ્યક્તિની જે મૂળભૂત આવશ્યકતાઓ છે તે પૂરી થઈ જાય. આથી આર્થિક રણનીતિ તથા યોજનાઓ ઘડવી અત્યંત આવશ્યક છે. તમે એક માપદંડના આધારે ૧ થી લઈને ૧૦ સુધી જુઓ કે જો આજે તમારી આર્થિક સ્થિતિનું સ્તર ૪.૫ ઉપર છે અને તમારે આગામી ૬ માસમાં ૫ ના સ્તરે પહોંચવું છે, તો સારી રીતે આની યોજના બનાવો.

તમારી પાસે જે કંઈ પણ સંસાધનો કે રકમ પ્રાપ્ય છે તેનું રોકાણ ક્યારે, કયાં, અને કેવી રીતે કરવામાં આવે તેના વિષે સારી રીતે માહિતી મેળવો. મહત્ત્વપૂર્ણ વાત આ છે કે જેટલી આપણી ચાદર હોય આપણે એટલા જ પગ ફેલાવીએ, અને ફાલતુ,વ્યર્થ કે બિનજરૂરી (ફુઝૂલ ખર્ચ)થી બચીએ. ઘણા લોકોની સ્થિતિ આ છે કે તેમની માસિક આવક તો ૫૦ હજાર રૂપિયા છે અને તેઓ મહિનામાં ૭૦ હજાર રૂપિયા ખર્ચ કરે છે. સમજદારી આ છે કે જો માસિક આવક ૫૦ હજાર રૂપિયા છે તો ૪૦ હજાર રૂપિયા મહિનામાં ખર્ચ કરે, અને ૧૦ હજાર રૂપિયા બચાવે. મુશ્કેલ સમય માટે બચત કરવી ખૂબ જ જરૂરી છે. અનુભવ બતાવે છે કે હંમેશાં ખુશહાલી કે સમૃદ્ધિ યથાવત નથી રહેતી. ખુશહાલી-સમૃદ્ધિના સમયમાં જે કાંઈ બચાવી લેવામાં આવશે તે મુશકેલીના સમયમાં કામ આવશે.

જયાં સુધી આપણે આપણા જીવનમાં યોજનાબદ્ધ રીતે આર્થિક પ્રવૃત્તિઓને નહીં અપનાવીએ, ત્યાં સુધી આપણે સુકૂનભર્યું જીવન અને ધર્મ તથા સમાજ માટે એકાગ્ર થઈને કાર્ય નથી કરી શકતા. આથી આ જરૂરી છે કે આર્થિક આયોજન માટે જે યોગ્ય-જાઈઝ અને ઉચિત માપદંડ છે તે માપદંડોના આધારે પોતાની આર્થિક પ્રવૃત્તિઓ માટે સમયસર યોજનાઓ ઘડવામાં આવે. —●—



## વાચકો જોગ સૂચના

**પ્રિય ગ્રાહકો ...**

**● ''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**

**● ''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.**

**● પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઈચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૫૦ વધારે આપવા.**

**● મેનેજર, ''યુવાસાથી''**

સમાધાન



# સામાજિક સૌહાર્દ: એક બુનિયાદી જરૂરિયાત

ડો. કાસિમ રસૂલ ઇલ્યાસ

આપણે બધા જાણીએ છીએ કે આપણો દેશ વિભિન્ન ધર્મોના માનનારાઓ, વિભિન્ન ભાષાઓના બોલનારાઓ અને જુદી જુદી સંસ્કૃતિઓ ધરાવતા લોકોનો દેશ છે. વિશ્વના તમામ મોટા ધર્મોના માનનારા લોકો આ દેશમાં રહે છે. ચાહે તે ખ્રિસ્તી ધર્મના માનનારા હોય, હિન્દૂ ધર્મમાં કે પછી ઈસ્લામ, બૌદ્ધ, શીખ કે પારસી ધર્મના માનનારા હોય. આ લોકો જુદી જુદી ભાષાઓ બોલે છે અને આપણા દેશના જુદા જુદા પ્રદેશોમાં રહે છે.

દેશમાં લગભગ ૧૭૦૦ ભાષાઓ એવી છે જે લોકોની માત્ર ભાષાઓ છે અને લગભગ ૬ હજારથી ૭ હજારની વચ્ચે જાતિઓ છે,



**મહત્ત્વપૂર્ણ પ્રશ્ન આ છે કે દેશમાં શાંતિ તથા સૌહાર્દ વધારવા અને આપણા સામાજિક તાણા-વાણાને મજબૂત કરવામાં વાસ્તવમાં મીડિયાની ભૂમિકા શું છે? આ સંબંધમાં મીડિયાના સકારાત્મક પક્ષ પર વાત થવી જોઈએ. શાંતિ તથા સૌહાર્દ માટે કામ કરનારાઓને પણ મીડિયામાં ઉચિત સ્થાન મળવું જોઈએ. આ સત્ય છે કે મીડિયાની પોતાની સમસ્યાઓ અને આવશ્યકતાઓ છે. મીડિયા સામે ટીઆરપી અને રીડરશીપનો મુદ્દો છે, પરંતુ તેણે આ પણ જોવું પડશે કે આ ટીઆરપી કે રીડરશીપ તે ક્યા ભોગે હાંસલ કરી રહ્યો છે? સમાજને વિભાજિત કરીને, તેને વેર-વિખેર કરીને કે પછી છિન્ન-ભિન્નતા પેદા કરીને કે પછી સમાજને જોડીને?**

જેમનાથી સંબંધ ધરાવનારા લોકો આપણા આ દેશમાં રહે છે, તો દેખીતી વાત છે કે આપણો સમાજ એક બહુધાર્મિક, બહુભાષીય અને બહુસાંસ્કૃતિક સમાજ છે, અને તમામ સમાજોના લોકો સૈકાઓથી એક સાથે રહેતા આવ્યા છે.

કોઈ પણ દેશનો વિકાસ તથા સમૃદ્ધિ આ વાત ઉપર આધાર રાખે છે કે તે દેશમાં રહેતા તમામ લોકોની વચ્ચે પરસ્પર ભાઈચારો હોય ,સૌહાર્દ હોય અને એકબીજાની સાથે સહિષ્ણુતા તથા સાથે રહેવાની ભાવના જોવા મળતી હોય. આપણા દેશની આ જ ખૂબી સમગ્ર વિશ્વમાં આપણને વિશિષ્ટતા અર્પે છે. આનાથી આપણું એક અનોખું ચરિત્ર વિશ્વ સમક્ષ ઊભરી આવે છે, કે આટલા બધા ધર્મો અને આટલી બધી ભાષાઓ બોલનારા લોકો એક દેશમાં પરસ્પર સૌહાર્દ તથા સદ્ભાવ સાથે હળીમળીને સાથે રહે છે. પરંતુ હવે એવું લાગે છે કે આપણા દેશમાં કેટલાક પરિબળો એવા છે કે જેઓ આ સદ્ભાવનાને ખતમ કરવા ચાહે છે.

વિચારવા લાયક વાત આ છે કે કોઈ પણ લોકતાંત્રિક દેશ વિષે




સામાન્ય રીતે આ કહેવામાં આવે છે કે તે દેશનું મીડિયા ત્યાંની શાસનવ્યવસ્થામાં એક મુખ્ય અંગ હોય છે. લોકતંત્રને વ્યવસ્થિતરૂપે ચલાવવા તથા નેતાઓ માટે બંધારણીય સંસ્થાઓનું ઉત્તરદાયિત્ત્વ નક્કી કરવામાં મીડિયાની એક મહત્વની તથા બુનયાદી ભૂમિકા હોય છે. આ જ રીતે મીડિયાની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા જનમત બનાવવા – કેળવવામાં હોય છે. આપણે જોઈએ છીએ કે મીડિયા જે તરફ લોકોની દિશા વાળી દે છે, સામાન્ય રીતે લોકો એ જ દિશામાં ચાલી નીકળે છે. વર્તમાન સમયમાં મીડિયાનો વ્યાપ ખૂબ જ બહોળો થઈ ગયો છે. તેની પહોંચ સમાજના દરેક વર્ગ સુધી થઈ ગઈ છે.

પ્રિન્ટ મીડિયાની પહોંચ એક સીમિત વર્તુળ કે ફક્ત ભણેલા-ગણેલા શિક્ષિત લોકો સુધી જ સીમિત હતી. પરંતુ જ્યારથી ઇલેક્ટ્રોનિક મીડિયા તથા વિશેષરૂપે આનાથી પણ આગળ વધીને સોશ્યલ મીડિયાના ક્ષેત્રે આપણે પ્રવેશ કર્યો છે, ત્યારે આપણે જોઈએ છીએ કે મીડિયાની ભૂમિકા સમાજમાં એક મહત્ત્વપૂર્ણ હૈસિયતનું રૂપ લઈ ચૂકી છે. આજે મીડિયા સમાજના દરેક વર્ગને પ્રભાવિત કરી રહ્યું છે, અને તે જે દિશામાં લોકોને નાંખવા ચાહે છે લોકો એ જ દિશામાં ચાલી નીકળે છે.

આવા વાતાવરણમાં જ્યારે કે આપણા દેશ માટે સદ્ભાવના એક બુનિયાદી જરૂરત છે, મીડિયાની ભૂમિકા ખૂબ જ વધી જાય છે. મહત્ત્વપૂર્ણ પ્રશ્ન આ છે કે દેશમાં શાંતિ તથા સૌહાર્દ વધારવા અને આપણા સામાજિક તાણા-વાણાને મજબૂત કરવામાં વાસ્તવમાં મીડિયાની ભૂમિકા શું છે? આ સંબંધમાં મીડિયાના સકારાત્મક પક્ષ પર વાત થવી જોઈએ. શાંતિ તથા સૌહાર્દ માટે કામ કરનારાઓને પણ મીડિયામાં ઉચિત સ્થાન મળવું જોઈએ. આ સત્ય છે કે મીડિયાની પોતાની સમસ્યાઓ અને આવશ્યકતાઓ છે. મીડિયા સામે ટીઆરપી અને રીડરશીપનો મુદ્દો છે, પરંતુ તેણે આ પણ જોવું પડશે કે આ ટીઆરપી કે રીડરશીપ તે ક્યા ભોગે હાંસલ કરી રહ્યો છે? સમાજને વિભાજિત કરીને, તેને વેર-વિખેર કરીને કે પછી છિન્ન-ભિન્નતા પેદા કરીને કે પછી સમાજને જોડીને?

આથી સમાજમાં જો આપણે પરસ્પર શાંતિ અને સૌહાર્દ પેદા કરવો હોય, અશાંતિને ખતમ કરવી હોય અને માનવતાને વધારવી હોય તે સૌ પ્રથમ આપણે મીડિયાની ભૂમિકાને પારિભાષિત કરવી ખૂબજ જરૂરી છે. આ સંબંધે મીડિયાએ પોતાની આ જવાબદારી અનુભવવી જોઈએ કે સમાજના તાણા-વાણાને મજબૂત કરવા અને સમાજમાં શાંતિ તથા સૌહાર્દને વધારવામાં તેની જે ભૂમિકા હોવી જોઈએ તેના પર જ તેણે ધ્યાન આપવું જોઈએ.

—●—


**બુખારીબાવા કબ્રસ્તાન** ટ્રસ્ટ રજી. નં. બી-૮૦૬

ઓફિસઃ ગેટ નં. ૧, જમાલપુર ચાર રસ્તા કે પાસ, બહેરામપુરા પોલીસ ચોકી કે સામને, અહમદાબાદ.

**“ઝકાત-વ-ખૈરાત કી રકમ ઈસ કબ્રસ્તાનમેં જમા કરવાએં.”**

યહ કબ્રસ્તાન હમને કરીબન (૧૪) સાલ સે હાથ પર લિયા હૈ જો ચાલુ કબ્રસ્તાન હૈ. ફિલહાલમેં ઈસ કબ્રસ્તાનમેં મૈયત દફનકા કામ ચાલુ હૈ. યહ કબ્રસ્તાન સદિયોં પુરાના હૈ ઔર અહમદાબાદ શહેર કે બીચોબીચ મેં હૈ, જહાં પર હરરોજ એક યા દો મૈયત દફનકે લિયે આતી હૈ. ઈસ લિયે હમેં ઈસે આપ ભાઈ-બહેનોં ઔર મા-બાપસે મદદ લેકર ઈસ કબ્રસ્તાનકો મુસ્લિમ કોમકે કુછ લોગોંને દબાયા હુવા હૈ. ઉનસે છુડાને કે લિયે હમને ગુજરાત હાઈકોર્ટકા સહારા લિયા હૈ, તો આપ હમેં સાથ દેકર મદદ ભી કીજિયે તાકે યહ કબ્રસ્તાનકી ઝમીનકા કબ્જા લે સકેં. - ખુદા હાફિઝ

ખાસ નોંધઃ યહ પેપરકી જાહેરખબરકે સિવાય હમને કબ્રસ્તાનકી કિસી ભી કિસ્મકી ચંદેકી પહોંચ બુક બહાર દી નહીં હૈ. ઈસલિયે કબ્રસ્તાનકી રકમ બહારવાલેકો દેના નહીં. અગર દેના હો તો કબ્રસ્તાનમેં સંપર્ક કરે, યા નીચે દિયે ગએ એકાઉન્ટમેં ઓનલાઈન ટ્રાન્સફર કરેં. કોન્ટેક્ટઃ 9375432810, 9574758978, 9737000628

બેંક એકાઉન્ટ નં.: 12240100019114 IFSC Code: BARB0ASTODI
બેંક ઓફ બરોડા, આસ્ટોડિયા ચકલા બ્રાન્ચ, અહમદાબાદ - ૧

લી. વર્કીંગ કારોબારી ખિદમતગાર ટ્રસ્ટી
હાજી નિઝામુદીન એ. શેખ (લાઈટવાલા)

સ્ટેથોસ્કોપ



સંકલનઃ

**ડો. મુહમ્મદ સલીમ પટ્ટીવાલા**

# વેર વિખેર થતું ભારતીય સામાજિક માળખું

આપણો ભારત દેશ, સમગ્ર વિશ્વમાં તેની વિશેષતાઓ માટે જાણીતો છે, જેનું મુખ્ય લક્ષણ તેની સ્થિર અને મજબૂત સામાજિક રચના અને કૌટુંબિક પરંપરાઓ છે. પૂર્વીય પરંપરાઓએ સમાજના વિવિધ સભ્યો અને વર્ગો વચ્ચે એકતા, સંવાદિતા અને પરસ્પર નિર્ભરતાની વિશિષ્ટ પરિસ્થિતિઓને જન્મ આપ્યો હતો. એક બાજુ ભારતીય સમાજનું પારિવારિક અને કૌટુંબિક માળખું ધ્વસ્ત થવાની આરે છે અને બીજી બાજુ સમાજમાં એવા દુષણો વ્યાપી ગયા છે જે તેને કોરી ખાઈ રહ્યા છે. આજે આપણે આ બંને માળખાની ચર્ચા કરવી છે.

## વેર વિખેર કુટુંબ

કુટુંબ મજબૂત સામાજિક માળખાનું મહત્ત્વનું એકમ રહ્યું છે, પરંતુ બદલાતા જીવન સાથે કુટુંબની આ સંસ્થા નબળી પડી રહી છે. હાલમાં હિન્દુસ્તાની સમાજની કુટુંબ વ્યવસ્થા બે પ્રકારની સમસ્યાઓથી પીડાઈ રહી છે. એક તરફ, અહીંની પ્રાચીન પરંપરાઓ દ્વારા સર્જાયેલ સમસ્યાઓ છે. આ મુદ્દાઓને દબાવી દેવામાં આવ્યા હતા, પરંતુ હવે વૈજ્ઞાનિક પ્રગતિ અને મીડિયાના કારણે તે સામે આવી રહ્યા છે અને સમાજમાં તણાવ પેદા કરી રહ્યા છે. બીજી તરફ, વધતું પશ્ચિમનું આંધળું અનુકરણ, જેના કારણે પશ્ચિમી વિશ્વની સમસ્યાઓ વધુને વધુ આયાત થઇ રહી છે. તથ્યો અને આંકડાઓના પ્રકાશમાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓની ટૂંકી ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી રહી છે.

## કૌટુંબિક સમસ્યાઓ અને તેમની ગંભીરતા

કૌટુંબિક જીવનનો મુખ્ય હેતુ શાંતિ અને સંતોષ છે.પવિત્ર કુઆનમાં અલ્લાહ સર્વશક્તિમાને શાંતિ, સંતોષ, પ્રેમ અને દયાને પારિવારિક જીવનનો મુખ્ય હેતુ જાહેર કર્યો છે અને હકીકત એ છે કે જીવનની જટિલ સમસ્યાઓથી ઘેરાયેલી વ્યક્તિ જ્યારે તેના પરિવાર પાસે આવે છે તો શાંતિ અનુભવે છે. અહીં તેને ભાવનાત્મક ટેકો અને હુંફાળો પ્રેમ મળે છે જેની ઠંડી છાયામાં તે તમામ દુઃખ ભૂલી જાય છે અને જીવવા અને સંઘર્ષ કરવાની હિંમત મેળવે છે.

પરંતુ આપણા દેશમાં પરિવારો અને ઘરો વધુને વધુ તણાવનું કેન્દ્ર બની રહ્યા છે. હાલમાં દેશમાં આત્મહત્યાનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. વિશ્વની ૪૦ ટકા આત્મહત્યા આપણા દેશમાં થાય છે અને દેશમાં ૩૭% આત્મહત્યા કુટુંબ સંબંધિત સમસ્યાઓને કારણે થાય છે. તે પછી, બીજો સૌથી મોટો જૂથ ગૃહિણીઓનો છે જેમની આત્મહત્યા કૌટુંબિક તણાવને કારણે થાય છે. ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અનુસાર, ૨૦૧૮માં દેશમાં ૧,૩૪,૦૦૦ આત્મહત્યા થઈ છે. દેવા અને નોટબંધીના કારણે આત્મહત્યા કરનારા લોકોની સંખ્યા ૨૮૦૦ હતી. ગંભીર બીમારી (કેન્સર, સ્ટ્રોક, એઈડ્સ, ગાંડપણ વગેરે) અને શારીરિક ત્રાસને કારણે ૧૨,૫૦૦ લોકોએ આત્મહત્યા કરી, જયારે ૩૫,૦૦૦ લોકોએ કૌટુંબિક સમસ્યાઓને કારણે આત્મહત્યા કરી. આથી તારણ કાઢી શકાય કે કુટુંબ, જે મનની શાંતિનું પારણું હોવું જોઈએ, તે ઘણા લોકો માટે સૌથી વધુ તણાવનું સ્રોત બની ગયું છે.

## દીકરીઓ પ્રત્યે ધિક્કાર અને દીકરી-ભ્રુણ હત્યા

કૌટુંબિક સમસ્યાઓના પરંપરાગત કારણો પૈકી એક સૌથી મોટું કારણ છે આપણા સમાજમાં મહિલાઓ અને છોકરીઓ સાથેનો અસમાન વ્યવહાર.આપણા દેશમાં દર પચાસ સેકન્ડે એક છોકરીની હત્યા થાય છે, જન્મ પહેલાં કે તરત જ. સ્ત્રીના જનન અંગછેદન માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. મોટા ભાગના ગર્ભપાત દ્વારા જન્મ પહેલાં

મૃત્યુ પામે છે. જન્મ પછી તેમને જીવતી દાટી દેવામાં આવે છે, તેમને સળગાવી દેવામાં આવે છે, તેમને ઝેર આપવું, ઓશીકા નીચે ગૂંગળાવી દેવામાં આવે અથવા પથ્થર વડે તેમનું માથું કચડી નાખવું, આ બધી ક્રૂર પ્રથાઓ ૨૧મી સદીના ભારતમાં દૂર થઈ નથી. સ્ત્રીના સંબંધીઓ જ વ્યાવસાયિક દાયણોની મદદથી આ બધું કરે છે. કેટલીકવાર છોકરીનાં પિતા અને ક્યારેક માતા પણ ભાગ લે છે. કેટલાક લોકો નવજાત બાળકીને કચરાના ઢગલા અથવા નિર્જન જગ્યાએ ત્યજી દે છે, જ્યાં કૂતરાઓ તેમને ફાડી ખાય છે અથવા ક્યારેક અજાણ્યાઓ અથવા સેવાભાવી કાર્યકરો તેમને ઉપાડી જાય છે.

સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, વિશ્વભરમાં આશરે ૧૫૦ મિલિયન છોકરીઓ (સંખ્યાની દૃષ્ટિએ વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ, યુનાઇટેડ સ્ટેટ્સની કુલ સ્ત્રી વસ્તીની લગભગ બરાબર) જન્મ પહેલાં અથવા તરત જ ઇરાદાપૂર્વક હત્યાને કારણે ગાયબ થઈ જાય છે. તેમાંથી એક તૃતીયાંશ આપણા દેશ સાથે સંબંધિત છે. (કોવિડમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા કરતાં આ સંખ્યા ૩૦૦ ગણી છે) ગયા વર્ષે ઉત્તરાખંડમાંથી આવેલા સમાચારોએ ચેતવણી આપી હતી કે ઘણા ગામોમાં ઘણા વર્ષોથી એક પણ છોકરીનો જન્મ થયો નથી.

જૈવિક રીતે, સામાન્ય લૈંગિક સ્તરે ગણવામાં આવે છે કે જો વસ્તીમાં ૧૦૦૦ પુરૂષો હોય, તો ૯૫૦ સ્ત્રીઓ હોવી જોઈએ. આપણા દેશમાં જન્મેલા બાળકોમાં, આ પ્રમાણ ઘટીને ૯૦૦ થી ઓછો થઈ ગયો છે. પરિણામે, ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, છ વર્ષથી નીચેના બાળકોમાં આ ગુણોત્તર માત્ર થોડા રાજ્યોમાં ૯૫૦ કે તેથી વધુ છે. હરિયાણા (૮૩૪), પંજાબ (૮૪૬), વગેરે જેવા રાજ્યોમાં, આ અનુપાત ભયજનક સ્તરને સ્પર્શે છે. તાજેતરના નીતિ આયોગના અહેવાલ મુજબ, પરિસ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે અને સત્તર રાજ્યોમાં માત્ર એક વર્ષમાં આ પ્રમાણમાં દસ કે તેથી વધુ પોઈન્ટ્સનો ઘટાડો જોવા મળ્યો છે. ગુજરાતમાં એક વર્ષમાં ૫૩ પોઈન્ટનો ઘટાડો થયો હતો.એટલે કે દર ૧૦૦૦ છોકરાઓ પાછળ ગયા વર્ષે ૯૦૭ છોકરીઓનો જન્મ થયો હતો અને આ વર્ષે માત્ર ૮૫૪ થયો હતો.

આ સ્થિતિએ દેશના ઘણા રાજ્યોમાં વધુ(દુલ્હન)ની અછત ઉભી કરી છે.છોકરાઓને લગ્ન માટે અન્ય રાજ્યોમાં જવાની ફરજ પડી રહી છે. વેશ્યાવૃત્તિ અને મહિલાઓની તસ્કરી જેવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. કેટલીક જગ્યાએ એક ખૂબ જ નીચ પ્રથા પણ શરૂ થઈ છે કે ઘણા પુરુષો ( ભાઈઓ) એક જ છોકરી સાથે લગ્ન કરે છે અને એક સહિયારી પત્નીથી કામ ચલાવે છે.

આ સ્થિતિ ઘણી ચિંતાજનક છે. આ કુટુંબ વ્યવસ્થાની મૌત છે. જો પરિસ્થિતિ પર કાબૂ નહીં રાખવામાં આવે તો ભવિષ્યમાં દેશને મોટા સંકટનો સામનો કરવો પડી શકે છે. આ એક એવો રોગ છે જે માનવ જાતિનો અંત લાવવાનું સાધન બની શકે છે.

આ સમસ્યાઓનું મૂળ કારણ છોકરાઓને પ્રાધાન્ય આપવાની વૃત્તિ છે.સ્ત્રી સંતાનની ઈચ્છા અને કુટુંબ નિયોજન અને જન્મ નિયંત્રણની પ્રથાએ આવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે . મા બાપને માત્ર એક કે બે જ બાળકો જોઈએ છે અને તેઓ ઈચ્છે છે કે તે છોકરો જ હોય. આ સ્વભાવને કારણે, જે ઘરોમાં છોકરીઓ ટકી રહે છે, ત્યાં પણ તેઓ ડગલેને પગલે અસમાનતાનો સામનો કરે છે. સારું ભોજન, સારી સંભાળ, સારી સારવાર એ છોકરાઓનો જ અધિકાર માનવામાં આવે છે. છોકરીઓ તેનાથી વંચિત રહે છે. જેના કારણે કુદરતી મૃત્યુમાં પણ તેમનું પ્રમાણ વધે છે.

## દહેજનો શ્રાપ

ભારતમાં કૌટુંબિક વ્યવસ્થા માટે એક મોટી આફત એ દહેજની પ્રથા છે. આ પ્રથાના કારણે છોકરીઓને બોજ માનવામાં આવે છે. તેમના લગ્ન મુશ્કેલ બની જાય છે અને લગ્ન પછી પણ લોભી સાસરિયાઓ તેમનું જીવન દયનીય બનાવી દે છે. દહેજના કારણે થતા મૃત્યુ (હત્યા અને આત્મહત્યા)ની બાબતમાં આપણો દેશ વિશ્વમાં ટોચ પર છે. દેશમાં મહિલાઓની અડધી હત્યા દહેજ માટે થાય છે. જો કે દહેજ માટે ઉત્પીડન સામે ખૂબ જ કડક કાયદાઓ બનાવવામાં આવ્યા છે, પરંતુ તેમ છતાં, આ અસંસ્કારી પ્રથામાં ઘટાડો થયો નથી એટલું જ નહીં, દર વર્ષે દહેજ માટે મહિલાઓની હત્યાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

## ઘરેલું હિંસા

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-૪) અનુસાર, ભારતમાં ૩૦ ટકા યુવતીઓ (૧૫ થી ૪૯ વર્ષની વચ્ચેની) ઘરેલુ હિંસાનો ભોગ બને છે. થોમસન રોયટર્સ ફાઉન્ડેશને તેના વાર્ષિક સર્વેમાં ભારતને મહિલાઓ માટે સૌથી ખતરનાક દેશોમાં સ્થાન આપ્યું છે.હિંસાની આ ઘટનાઓનું મુખ્ય કારણ એ છે કે પરંપરાગત રીતે મહિલાઓને તેમના પતિની સંપત્તિ માનવામાં આવે છે. તેણીનું સ્વતંત્ર અસ્તિત્વ માન્ય નથી હોતું. શિક્ષિત પરિવારોમાં પણ આ પરંપરાગત વિચાર હજુ પણ યથાવત છે

અને તેઓ સ્ત્રીનો ગુલામ તરીકે ઉપયોગ કરવા માંગે છે. પરંપરાગત પરિવારોમાં સ્ત્રીને સમગ્ર સાસરિયાઓની નોકર ગણવામાં આવે છે. અહીં લગ્ન એ કોઈ કરાર નથી પરંતુ એક પવિત્ર અને કાયમી બંધન છે જેને કોઈ પણ સંજોગોમાં તોડી શકાય તેમ નથી અને સાસરિયાંઓ સ્ત્રીને ગુલામ ગણવાને પોતાનો અધિકાર માને છે. તેથી, જે મહિલાઓ શારીરિક હિંસાનો ભોગ બનતી નથી તેઓ પણ માનસિક સતામણી, ત્રાસ અને શોષણનો ભોગ બને છે.

આ સ્થિતિ માટે સામાજિક પરિસ્થિતિની સાથે દેશની કાયદાકીય વ્યવસ્થા પણ જવાબદાર છે. મોટા ભાગના કિસ્સાઓમાં, પોલીસ સ્ટેશનોમાં મહિલાઓની ફરિયાદો પણ સ્વીકારાતી નથી. શક્તિશાળી લોકો પણ રાજકીય દબાણ અને લાંચ દ્વારા પ્રભાવિત કરે છે. કાયદાકીય વ્યવસ્થા પણ ધીમી છે. તાજેતરના સમયમાં કેટલાક રાજ્યોમાં કડક કાયદા પણ લાવવામાં આવ્યા છે, પરંતુ તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો નથી.

### આર્થિક અન્યાય

પરિવારો સામેની મુખ્ય સમસ્યા આર્થિક અન્યાય છે. ઇસ્લામિક કાયદાથી વિપરીત, મોટાભાગના કાયદાઓમાં વારસાના વિતરણ માટે ચોક્કસ નિયમો નથી. મોટાભાગના કિસ્સાઓમાં મૃતકની મિલકત તેના પુત્રો દ્વારા વહેંચવામાં આવે છે. દીકરીઓના લગ્ન થઇ જાય તે પછી સામાન્ય રીતે પૈતૃક સંપત્તિમાં તેમનો કોઈ હિસ્સો રહતો નથી, જો કે કાયદાકીય રીતે મહિલાઓને વારસામાં હિસ્સો આપવો જરૂરી છે, પરંતુ વ્યવહારમાં આ કાયદાનું પાલન થતું નથી. ખેતીની મિલકતોના સંબંધમાં, અદાલતો પણ સંયુક્ત ઉપયોગને માન્ય જાહેર કરે છે.માત્ર મહિલાઓ જ નહીં, અન્ય જગ્યાએ નોકરી કરતા ભાઈઓ પણ વંચિત રહે છે. સમય વીતવા સાથે, ફરિયાદો ઊભી થવા લાગે છે અને વિવિધ તકરાર ઊભી થાય છે.

પૈતૃક સંપત્તિમાં મહિલાઓનો કોઈ હિસ્સો નથી હોતો એટલું જ નહીં, તેઓ જે કમાય છે તેના પર પણ તેમનો કોઈ અધિકાર નથી હોતો. ઉચ્ચ શિક્ષિત મહિલાઓના કિસ્સાઓ છે કે જેમણે પોતાનો સંપૂર્ણ પગાર તેમના પતિને અને કેટલાક કિસ્સાઓમાં તેમના સાસુ અને સસરાને સોંપવો પડે છે. આ આર્થિક શોષણને કારણે મહિલાઓ જુલમ અને શોષણનું આસાન લક્ષ્ય બની રહે છે.

### ઘરેલું જાતીય શોષણ

આપણા દેશમાં મહિલાઓ ઘરની અંદર પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી. સામાજિક કાર્યકરોનો અંદાજ છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની દર બેમાંથી એક છોકરી અમુક સ્તરના જાતીય શોષણનો ભોગ બને છે અને ૯૦ ટકા કિસ્સાઓમાં અપરાધીઓ નજીકના પરિવારના સભ્યો હોય છે.

પિતા, પુત્ર, ભાઈ,ભાભી, વહુ વગેરે દ્વારા થતા જાતીય શોષણ જેને અંગ્રેજીમાં Incest Abuse કહે છે તે હવે મોટી સમસ્યા બની ગઈ છે. અનેક મહિલા સંગઠનો તેની સામે કડક કાયદો બનાવવાની માંગ કરી રહ્યા છે.છેલ્લા કેટલાક વર્ષોમાં પિતા-પુત્રીના યૌન શોષણના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે. હવે પુત્રો દ્વારા માતાના શોષણના કિસ્સાઓ પણ આવવા લાગ્યા છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ૨૦૧૪માં નોંધાયેલા બળાત્કારના ૧૩% કેસોમાં આરોપી નજીકના સગા હતા, પરંતુ ૫% કેસમાં પિતા અને ભાઈ આરોપી હતા. જેના પરથી અંદાજ લગાવી શકાય છે કે સ્થિતિ કેટલી ગંભીર બની ગઈ છે.

### અવિવાહિત માતાઓ

ભારતમાં પણ અપરિણીત માતાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે.થોડા વર્ષો પહેલા હૈદરાબાદમાં બનેલી એક ઘટનાના કારણે દેશમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. એક એન્જિનિયરિંગ સ્ટુડન્ટે ગર્ભપાતના પ્રયાસમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો અને પોલીસે તેના બોયફ્રેન્ડ અને ડૉક્ટરની ધરપકડ કરી હતી. આપણા દેશમાં દર વર્ષે લગભગ દોઢ મિલિયન સગર્ભાઓનો જાણીજોઈને ગર્ભપાત કરવામાં આવે છે. પ્રેરિત ગર્ભપાતની આ સંખ્યા હોસ્પિટલમાં નિયમિતપણે નોંધાયેલા કેસોની સંખ્યા છે. એક અંદાજ મુજબ છાના ખૂણે થયેલ કેસોની સંખ્યા આના કરતા ઘણી વધારે છે.આમાંથી મોટી સંખ્યામાં કિસ્સાઓ અપરિણીત યુવાન માતાઓની છે. એક નિશ્ચિત સમયગાળા માટે વસ્તી આધારિત અભ્યાસ મુજબ, પાંચ ટકા ગર્ભાવસ્થા અપરિણીત હતી. કારણ કે ગર્ભપાતનો ચોરીછૂપી પ્રયાસ કરવામાં આવે છે, યોગ્ય તબીબી સંભાળ ઉપલબ્ધ નથી, અને આવી માતાઓ વિવિધ પ્રકારની તબીબી સમસ્યાઓથી પીડાય છે. જે બાળકો જન્મે છે, તેમાં બાળપણમાં મૃત્યુ દર ખૂબ ઊંચો છે. માતા અને બાળક બંનેને સમાજમાં વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પિતા અને કુટુંબની સુરક્ષા વિના ઉછરેલા બાળકો વિવિધ માનસિક વિકૃતિઓથી પીડાઈ શકે છે... —•— (વધુ આવતાં અંકે)

# ગર્ભપાત અને ભારતીય સમાજ

ચર્ચાની એરણે



મુહમ્મદ કલીમ અન્સારી

ભારત દેશ શ્રદ્ધા અને માનવતા પર આધારિત દેશ છે. અહીં ધાર્મિક હોવું એ પ્રતિષ્ઠા, ગર્વ અનો આદરનો આમંત્રિત કરે છે, જ્યારે અધાર્મિક હોવું એ સમાજે નહીં સ્વીકારેલ વ્યવસ્થા સમાન છે. એમ તો ધર્મ વ્યક્તિની વ્યક્તિગત બાબત છે તેમ બંધારણમાં લખેલું હોવા છતાં ધર્મ વ્યક્તિના સમગ્ર જીવનમાં વ્યાપેલ છે, તે સર્વોપરી છે, અનો સર્વસ્વીકૃત છે.

પરંતુ ધીરેધીરે દેશમાં આધુનિકતાએ છેલ્લા કેટલાક વર્ષોથી પગપેસારો કર્યો છે. હકીકતમાં



પશ્ચિમી દેશોના મોભા અને વૈશ્વિક સ્તરે તેમની અસરને જોતાં તેનાથી અહીંના ભણેલા અને બુદ્ધિજીવીઓ પ્રભાવિત છે. ધર્મને બુદ્ધિજીવીઓ એક અફીણ માત્ર ગણે છે, અને ધાર્મિક લોકોને જૂનવાણી તેમજ નવીનતા અને આધુનિકતાના વિરોધીઓ તરીકે માને છે. આવી માનસિકતા ધરાવતા લોકો હવે દેશમાં ઉંચા હોદ્દાઓ પર બિરાજમાન થઈ ગયા છે જે પોતાની માનસિકતા અને વિચારધારા મુજબ કાયદાઓ ઘડે છે અને દેશને એ જ 'વિકસિત દેશો' તરફ જવા પ્રયત્ન કરી રહ્યા હોય તેમ કાયદાઓને અમલીરૂપ આપી રહ્યા છે.

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતમાં ત્રણ જજોની બેંચે એક અવિવાહિત મહિલાના ગર્ભપાતને લઈ એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે, જે આધુનિક વિચારધારા પર આધારિત છે. અવિવાહિત મહિલા જે વ્યક્તિ સાથે જાતીય સંબંધો ધરાવતી હતી તેને સંબંધોના પરિણામે ગર્ભ રહી ગયો. ગર્ભ રહી જતાં પુરુષે મહિલા સાથે સંબંધો તોડી નાખ્યા. હવે અવિવાહિત મહિલા બાળકને જન્મ આપે અને તેને રાખે અને તેનો ઉછેર કરે અને સમાજ તેનો સ્વીકાર કરે, હજી ભારતીય સમાજ એટલો તો 'આધુનિક' નથી થયો. આ ખયાલ કદાચ મહિલાને પણ હશે. તેથી તેણે ગર્ભપાત માટે સર્વોચ્ચ અદાલતના દ્વાર ખખડાવ્યા. સર્વોચ્ચ અદાલતના ત્રણ આધુનિક અને પ્રગતિશીલ જજોની બેંચે ૨૯ સપ્ટેમ્બરે એક ચોંકાવનારો ચુકાદો સંભળાવ્યો છે કે વિવાહિત અને અવિવાહિત મહિલાઓ ૨૪ અઠવાડિયા સુધીની ગર્ભાવસ્થામાં ગર્ભપાત કરાવી શકે છે ! કોર્ટે નોંધ્યું છે કે પરિણીત અને અપરિણીત મહિલાઓ વચ્ચે કોઈ ભેદ ન હોવો જોઈએ. ગર્ભપાત માટે અપરિણીત મહિલાની સહમતીથી થયેલા સંબંધનો પણ સમાવેશ કરવો જોઈએ.

૨૦૨૧માં મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટ (એમટીપી)માં સુધારો થયો હતો જેમાં સગીર, બળાત્કાર પીડિત અને માનસિક વિકલાંગ મહિલાઓ અને વિકલાંગ ભ્રૂણ ધરાવતી મહિલાઓનો સમાવેશ થાય છે. કોર્ટના આ ચુકાદાથી દેશમાં કેટલાક 'આધુનિક' પરિવર્તનો આવશે. જેમ કે

(૧) સહમતીથી થયેલા જાતીય સંબંધોને વ્યભિચારજહેવામાં આવે છે. આવા સંબંધો દેશમાં કયારેય સ્વીકૃત ન'હોતા, પરંતુ તેનો સ્વીકાર કરવામાં આવ્યો એટલે કે વ્યભિચારને કાયદાકીય સમર્થન પ્રાપ્ત થઈ ગયું. હવે આવા અનૈતિક સંબંધો (કે જેને બહુમતી લોકો અનૈતિક ગણે છે) વધારે પ્રમાણમાં બંધાશે. ગર્ભ રહી જવાને કારણે સામાજિક બદનામી અને કાયદાકીય રીતે તેનો નિકાલ શકય ન'હોતો, જે હવે શકય બની ગયો છે. તેથી વ્યભિચારને ખૂબ વેગ મળશે અને સમાજ નિર્લજ્જતાની પરાકાષ્ઠાએ પહોંચશે.

(૨) ગર્ભને ૨૫ અઠવાડિયા સુધી ગર્ભપાત કરાવી શકવાની મંજૂરીને કારણે લિંગ ગુણોત્તર પર માઠી અસર થશે. ગર્ભનો લિંગ ૨૦ અઠવાડિયામાં જાણી શકાય છે. તેથી વિવાહિત લોકો પરીક્ષણ કરાવી તેનો નિકાલ કરશે. ભારતમાં છોકરા પ્રત્યે લોકોનું આકર્ષણ હોવાને કારણે છોકરીઓનો જન્મદર ઘટશે.

આમ આ ચુકાદો જોઈએ તો ધાર્મિક અને સામાજિક વલણ ધરાવતા લોકો કે જેઓ વ્યભિચાર અને ગર્ભપાતને ગુનો ગણે છે, તેઓ સમાજ માટે વધુ ચિંતિત અને દુ:ખી થશે. આ ચુકાદાની દુરોગામી અસરો ખૂબ જ ખતરનાક અને ભયાવહ હશે. જ્યારે લગ્ન વગર તમામ જાતીય સુખ માણી શકાતું હોય અને બાળકોની જવાબદારી પણ ઉઠાવવાની ન થતી હોય તો સામાજિક એકમ (દામ્પત્ય જીવન) પડી ભાંગશે જે દેશની પ્રગતિને અવરોધશે.

(લેખ સાભારઃ 'શાહીન' સાપ્તાહિક) –●–




ઈતિહાસના અટારીએથી.............................પ્રશિક્ષણના પગલાં

# વચનપાલનના બે જ્વલંત દૃષ્ટાંતો

અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.ના મક્કાના જીવનનો એક પ્રેરક પ્રસંગ છે.

એક વખત મક્કા શહેરની બહાર અલ્લાહના રસૂલ સ.અ.વ. પોતાના એક ઓળખીતા વેપારી ઝૈદ સાથે વેપાર બાબતે વાતચીત કરી રહ્યા હતા. ઝૈદને અચાનક કોઈ કામ યાદ આવી જતાં તેણે ઊઠવું પડ્યું. જતાં જતાં તેણે કહ્યું : આપ અહીં જ રોકાવ હું થોડીવારમાં પાછો આવું છું, પછી આપણે આ વેપાર અંગે વાતચીત પૂરી કરી લઈશું.

આપ સ.અ.વ. ઝૈદની રાહ જોતાં ત્યાં જ બેસી રહ્યા. ઝૈદ તો ઘરે જઈને ભૂલી ગયો કે હું કોઈને વાયદો કરીને આવ્યો છું. અને કોઈ મારી રાહ જોઈને બેસ્યા હશે. ત્રણ દિવસ પછી ઝૈદને પોતાનો વાયદો યાદ આવ્યો. તે દોડતો દોડતો તે જગ્યાએ પહોંચ્યો તો જબરદસ્ત આશ્ચર્ય સાથે શું જુએ છે કે આપ સ.અ.વ. તો એ રીતે જ બેસીને તેની રાહ જોઈ રહ્યા છે. હવે તે શું બોલે ? તેના તો માનવામાં જ ન'હોતું આવ્યું કે કોઈના વચનપાલનની આટલી ચરમસીમા હોય!!

પરંતુ અલ્લાહના રસૂલ સ.અ.વ. તેની સામે ગુસ્સાનો કોઈ ઈઝતહાર ન કર્યો માત્ર એટલું જ કહ્યું કે, ''હે ઝૈદ! તમે મને ખૂબ તકલીફ આપી...'' કેવું અદ્‌ભૂત વચનપાલન ! શું વિશ્વ ઈતિહાસ આના જેવું ઉદાહરણ પૂરૂં પાડી શકે તેમ છે ?

---



**સંપાદન**
**મુહમ્મદ અમીન શેઠ**

પ્રાચીન ઈરાની પ્રદેશમાં આવેલ શાપૂર શહેરને ઈસ્લામી લશ્કરે ઘેરી



લીધું હતું. ઘેરો લાંબો થતો જઈ રહ્યો હતો. કિલ્લો જીતાઈ ન'હોતો રહ્યો. વિજય-પરાજયનો કોઈ નિર્ણય નથી થઈ રહ્યો. એક દિવસ ઈસ્લામી સૈન્ય એ જોઈને નવાઈ પામી ગયું કે શહેરના લોકો કિલ્લાના દરવાજા ખોલીને બહાર આવી ગયા છે અને પોતાના દૈનિક કામોમાં નચિંત થઈને વ્યસ્ત થઈ ગયા છે અને તેમના ઉપર લડાઈના કોઈ ચિહ્નો કે અસર દેખાતી જ નથી. જ્યારે કે સામે ઈસ્લામી લશ્કર ઊભું છે. શહેરના લોકોથી પૂછ-પરછ કરી તો જાણવા મળ્યું કે અમે જિઝયા (રક્ષા કર) આપવાની શરતે રક્ષણ પ્રાપ્ત કરી લીધું છે. બધા આશ્ચર્યમાં પડી જાય છે કે આ લોકોને આ રક્ષણ કોણે આપી દીધું. તપાસ કરવામાં આવે છે તો જાણવા મળે છે કે એક ગુલામે લોકોને ખાનગી રીતે જિઝયો લેવાની શરતે રક્ષણનો કાગળ લઈ આપ્યો છે. મુસલમાનોના સેનાપતિ મૂસાઅસ્અરી રદિ.એ કહ્યું કે : ''એક સામાન્ય ગુલામની પોતાની મરજી કે મત સ્વીકાર્ય નથી હોઈ શકતો અને ન તેણે આપેલી પરવાનગી આપણા માટે બંધનકર્તા હોઈ શકે.''

પરંતુ શહેરવાસીઓનું કહેવું હતું કે અમે તો ગુલામ વિષે કંઈ જાણતા નથી, અમને તો મુસલમાન લશ્કરના એક વ્યક્તિએ રક્ષણની લેખિત બાંહેધરી આપી દીધી છે જેથી અમે તો આ હુમલાથી સુરક્ષા પ્રાપ્ત કરી લીધી છે.

છેવટે તે સમયના ખલીફા હઝરત ઉમર રદિ.ને આ ઉદ્‌ભેવેલી પરિસ્થિતિની જાણ પત્ર દ્વારા કરવામાં આવી જેથી તેમના તરફથી માર્ગદર્શન મળી રહે કે હવે શું કરવાનું ?

હઝરત ઉમર રદિ.એ સેનાપતિને જવાબ લખ્યો, '' મુસલમાનનો ગુલામ પણ મુસલમાન જ છે. જો કોઈ ગુલામે નગરવાસીઓને રક્ષણનું વચન આપી દીધું છે તો તે તમામ મુસલમાનો તરફથી છે, અને તેમને બંધનકર્તા છે એટલે હવે કોઈ મુસલમાનને તેનો વિરોધ કરવાનો હક પ્રાપ્ત નથી.''

શું આજના સત્તાધીશો પોતાના સૈનિકની વાત તો ઘણી દૂર, પોતાના સેનાપતિના આપેલા વચનનું પણ પાલન કરે ખરા ? —●—



# અધોગતિ તથા ગુમરાહીનું કારણ : કુર્આનથી અંતર

**યુવા ચિંતન**



**બુશરા શહાબુદ્દીન અન્સારી**

કુર્આનને નહીં સમજવાના કારણે મુસ્લિમ ઉમ્મતમાં એક એવી ટ્રેજડી સર્જાઈ છે કે જેણે ઉમ્મતના વજૂદ અને અસ્તિત્વને જ ભયમાં મૂકી દીધા છે. જ્યારે કે દુનિયામાં ઇજ્જત, ઉચ્ચતા અને સફળતા-જીતનો, જે વાયદો અલ્લાહે આપણાથી કર્યો છે તે કુર્આનને મજબૂતીથી પકડવા અને તેના પર અમલ-આચરણ કરવાની શરત સાથે છે.

અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

''જે મારા 'ઝિક્ર' (શિખામણના સબક)થી મોઢું ફેરવશે તેના માટે દુનિયામાં જીવન તંગ હશે, અને કયામતના દિવસે અમે તેને આંધળો ઉઠાવીશું.'' (સૂર : તાહા, આયત-૧૨૪)

કુર્આનમજીદના ઉતરાણનો હેતુ જ આ છે કે આપણે ચિંતન સાથે તિલાવત કરીએ.

''શું આ લોકોએ કુર્આન ઉપર વિચાર કર્યો નથી, કે આમના દિલો ઉપર તાળા લાગેલા છે ?'' (સૂર : મુહમ્મદ, આયત-૨૩)

આયતમાં જે ''તદબ્બુર''નો શબ્દ આવ્યો છે તેનો અર્થ છે કે કુર્આનપાકની આયતો, શબ્દો, અર્થ, ઉતરાણકાળ, આદેશો તથા દૃષ્ટાંતો સૃષ્ટિના છૂપા રહસ્યોમાં ચિંતન-મનન કરવું.

હવે પ્રશ્ન આ ઉદ્‌ભવે છે કે કેટલાક નિમ્નકક્ષાના તથા ઓછી બુદ્ધિના લોકો આ પ્રશ્ન કરે છે કે શું સમજ્યા વિના કુર્આનને પઢવાથી સવાબ-પુણ્ય મળે છે? રસૂલુલ્લાહ સ.અ.વ.નું ફરમાન (કથન) છે : ''જે વ્યક્તિ અલ્લાહના ગ્રંથ (કુર્આન)માંથી એક અક્ષર પઢે તેને તેના લીધે એક નેકી મળે છે, અને એ નેકી દસ નેકીઓ સમાન થઈ જાય છે. હું આ નથી કહેતો કે ''અલિફ-લામ-મીમ'' એક અક્ષર છે, બલ્કે 'અલિફ' એક અક્ષર છે, 'લામ' એક અક્ષર છે, અને 'મીમ' એક અક્ષર છે.'' (તિર્મિઝી)

પરંતુ કુર્આનને સમજીને પઢનારા અને સમજ્યા વિના પઢનારા લોકોમાં મોટો તફાવત હોય છે. જો તમે બન્ને લોકની સફળતા અને જીત મેળવવા ચાહો છો તો એ જ રીત, એ જ દૃષ્ટિકોણ અપનાવવો પડશે જે સહાબાએ કિરામ રદિ.એ અપનાવ્યો હતો.

અબૂ અબ્દુર્રહમાન વર્ણવે છે કે અમારાથી અસ્હાબે રસૂલ સ.અ.વ.માંથી એ લોકોએ વર્ણવ્યું,

જેઓ અમને કુર્આન શીખવાડતા હતા, કે તેઓ રસૂલે અકરમ સ.અ.વ.થી ૧૦ (દસ) આયતો પઢવાનું શીખતા; પછી બીજી ૧૦ (દસ) આયતો ત્યાં સુધી શીખતા નહીં કે જયાં સુધી પ્રથમ ૧૦ આયતો સમજીને તેમના પર અમલ કરી ન લેતા. આવી રીતે અમે ઇલ્મ (જ્ઞાન) તથા અમલ (આચરણ) બન્ને શીખી લીધા.''

માનનીય વાચકો ! કુર્આનમજીદ જ દીને-ઇસ્લામનો અસલ આધાર સ્તંભ (મૂળ-બુન્યાદ) છે. આ જ એ ગ્રંથ છે કે જેમાં દુનિયાવાળાઓ માટે ઉપદેશ (શિખામણ) અને હિદાયત છે. તડપતા દિલોની ફરિયાદ અને કણસતી રૂહોનો ઇલાજ છે. આ જ એ ગ્રંથ છે જેને રબ્બુલ-આલમીન (સમગ્ર સૃષ્ટિઓના રબ-માલિક)ની વાણી અને સંદેશ કહેવામાં આવે છે, જેની આયતો જયારે સહાબાએ કિરામ રદિ.ના કાનોથી ટકરાઈ તો તેમના દિલોની દુનિયા બદલાઈ ગઈ. જયારે તેની આયતો પર સહાબા રદિ.એ અમલ કરવાનું શરૂ કર્યું તો આ જ આરબના બદ્દુ (ગ્રામીણ) કહેવાતા લોકો ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમની વાદીઓ (ઘાટીઓ)માં ફેલાઈ ગયા, અને દુનિયાના શાસક બની ગયા, અને માનવ-વિચારો તથા દૃષ્ટિકોણો તેમજ મન-મસ્તિષ્કમાં હલચલ મચાવી દીધી.

વિચારવાની વાત આ છે કે જે ગ્રંથ મુહમ્મદે અરબી સ.અ.વ. ઉપર નાઝિલ (અવતરિત) થયો, એ જ ગ્રંથ સહાબાએ કિરામ રદિ. સુધી પહોંચ્યો હતો અને તેના પર અમલ કરીને તેઓ સફળ થયા હતા, એ જ ગ્રંથ જેમનો તેમ આપણી પાસે પણ મૌજૂદ છે; તો પછી અંતે શું કારણ છે કે આપણા પૂર્વજો પણ આ જ કુર્આન પઢીને દુનિયા પર શાસન કરી રહ્યા હતા અને આજે આપણી પાસે એ જ કુર્આન હોવા છતાં આપણે દુનિયાની ગુલામી કરી રહ્યા છીએ, અને દુનિયાના ન્યાય તથા ઇન્સાફના મહોતાજ પણ છીએ.

આપણે કુર્આન તો પઢીએ છીએ પરંતુ અલ્લાહની સાથે અન્યને પણ ભાગીદાર ઠેરવીએ છીએ. કુર્આન તો પઢીએ છીએ અને સાથે જ મોઢેથી જૂઠી-ખોટી વાતો પણ કરીએ છીએ. કુર્આન તો પઢીએ છીએ અને હરામ કામોનું આચરણ પણ કરીએ છીએ. ટૂંકમાં આ કે એ દરેક કામ કરીએ છીએ જે અલ્લાહની અવજ્ઞામાં સામેલ છે.

કારણ જો કોઈ છે તો તે ફક્ત આ કે આપણે કુર્આનને સમજીને પઢ્યું જ નથી. જો આપણે આપણી વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં મહાન તથા ઉચ્ચ જીવનનું ચલણ પ્રચલિત કરવા ઇચ્છીએ છીએ, અને પોતાની અધોગતિ તથા પતનને ઇજ્જત તથા મોભામાં બદલવા ઇચ્છીએ છીએ તો આપણે કુર્આનની તરફ પલટવું જોઈએ, પાછા ફરવું જોઈએ, નહિતર કયામતના દિવસે રસૂલુલ્લાહ સ.અ.વ. આપણા વિષે ફરિયાદ કરશેઃ

''હે મારા રબ, મારી કોમના લોકોએ આ કુર્આનને મજાકનું લક્ષ્ય બનાવી લીધું હતું.'' (સૂર : ફુર્કાન, આયત-૩૦)

આથી ઉચ્ચ સ્થાન મેળવવા માટે અને ગુમરાહ કરનારા પ્રોપેગન્ડા અને શેતાની વસવસાઓથી દૂર રહેવા-બચવા માટે આજે જરૂરત આ વાતની છે કે સહાબાએ કિરામ રદિ.ની જેમ આપણે પણ કુર્આનને પહેલાં શીખીએ, પઢીએ, તેના અર્થ તથા ભાવાર્થને સમજીએ અને આયતોમાં વર્ણવાયેલ બાબતો પર ઇચ્છિત સ્વરૂપમાં આચરણ કરીએ. નહિતર ક્યાંક એવું ન થાય કે આવતી કાલે કયામતના દિવસે પસ્તાવો થાય કે કાશ! અમે કુર્આનને સમજ્યું હોત અને તેના મુજબ આચરણ કર્યું હોત.

અલ્લાહતઆલાથી દુઆ છે કે તમામ મુસલમાનોને કુર્આન તથા સુન્નતને સમજવાની સાથો સાથ તેમને પોતાના અમલી જીવનમાં લાગુ કરવાની તૌફીક (સૌભાગ્ય) એનાયત ફરમાવે. (આમીન). —•—


Reg.No. A-7183
Dr. Saba Baloch
B.D.S. (Dental Surgeon)
Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care
:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery
Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth
Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration
:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator
| Wave one rotary system | Imported Dental Chair
Available on Emergency Trauma Cases 99 98 36 05 03
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Phone: +91 9998360503 Email: smile@drsabadentalclinic.com

# કોમ્પ્યુટરથી સંલંગ્ન કોર્સ કરીને પોતાનું ભવિષ્ય બનાવો




## કરિયર



**સંપાદ પ્રભાગ**

સૂચના તથા ટેકનોલોજી પૂરી દુનિયામાં સૌથી ઝડપી વિકસિત થયેલું ક્ષેત્ર છે અને તેમાં સતત રોજ નવી ખોજ (શોધ) તથા આવિષ્કાર થઈ રહ્યો છે. એટલા માટે આ ક્ષેત્રમાં એવું વિચારવામાં આવી રહ્યું છે કે આના વધવાથી રોજગારીની સંભાવના ઘટી જશે. તેનાથી વિપરીત આમાં રોજગારની સંભાવનાઓ અનંત છે. દેશમાં દર વર્ષે લાખો બાળકો એન્જીનીયરીંગ કોર્સ કરે છે, પરંતુ આઈ.ટી. સેક્ટરમાં શક્યતાઓ વધુ રહેલી હોવા છતાં નોકરીઓ સરળતાથી મળતી નથી. મોટાભાગની કોલેજો તો સ્ટૂડન્ટ (વિદ્યાર્થી)ઓનું પ્લેસમેન્ટ કરાવી શકતી નથી. આઈ.ટી. સેક્ટરમાં કેટલાંક કોર્સ એવા પણ છે કે એના મારફતે જલ્દીથી નોકરી મેળવી શકાય.

**(૧) એમ.એસ. ઓફિસ સર્ટીફિકેશન પ્રોગ્રામ :** કોમ્પ્યુટર સોફ્ટવેરની દુનિયામાં માઈક્રોસોફ્ટ એક એવી એપ્લિકેશન છે કે જે કોઈ પણ ઓફિસના કામને સરળ બનાવી દે છે એના અંતર્ગત ઘણી પ્રકારની એપ્લીકેશનનો ઉપયોગ કરવામાં આવે છે કે જે દરરોજના ઓફિસ તથા દુકાન, મોટા મોટા શોપીંગ મોલ વગેરેમાં ઉપયોગ કરવામાં આવે છે; જેવા કે એમ.એસ વર્ડ એમ. એસ એક્સલ એમ.એસ અક્સેસ અને એમ.એસ પાવર પોઈન્ટ. એમ.એસ. ઓફિસ સર્ટીફિકેશન પ્રોગ્રામ વિદ્યાર્થીઓને ઉપર જણાવેલ એપ્લીકેશનને કાર્યાલયની પ્રતિનિધિઓ માટે ઉપયોગ કરવાનું શીખવે છે. જેનાથી કોર્સ પૂર્ણ કર્યા પછી કાર્યાલયોમાં કોમ્પ્યુટરથી સંલગ્ન નોકરીઓ સરળતાથી મળી જાય છે.

**(૨) ડી.ટી.પી. કોર્સ :** ડી.ટી.પી.ને ડેસ્કટોપ પબ્લીસીંગ પણ કહેવામાં આવે છે. તમામ પ્રકારના બેનર, કાર્ડ, પુસ્તકો, પુસ્તકના કવર, મેન્યુઅલ (પુસ્તિકા)/બ્રોસર (વિવરણીકા) વગેરે બનાવવામાં કોમ્પ્યુટર એપ્લીકેશનનો પ્રયોગ કરતા શીખવે છે. ટૂંકમાં દસ્તાવેજોના લે-આઉટ, ડિઝાઈન, ગ્રાફિક્સ વગેરે બનાવવામાં એનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં એડોબ ફોટોશોપ, એડોબ પેજમેકર, અને કોરલ ડ્રો જેવા ઉપયોગી સોફ્ટવેરનું જ્ઞાન પણ આપવામાં આવે છે. ડીટીપી કોર્સથી કેટલાંક ગ્રાફિક્સ અને છબી સંપાદનની નોકરીઓ મેળવી શકાય છે.

**(૩) ફોટોશોપ :** ફોટોશોપ શા માટે શીખવું જોઈએ તેના કારણોનું લીસ્ટ ખૂબ જ લાંબું છે ફોટોશોપ એક કેરિયર આધારિત કોર્સ છે. તેનાથી કુશળ બનીને વ્યવસાયિક ગ્રાફિક્સ



બનાવી કામ કરી શકાય છે. તમારી લાયકાતની કિંમત વધારવાની સાથે સાથે આ કળામાં નિપુણતા તમારી કલ્પના વિચારશક્તિ વધારે છે. કોઈપણ પ્રતિકૃતિ (ઇમેજ) બનાવવા અથવા તેને સંશોધિત કરવા અથવા કેટલીક કંપનીના લોગો (પ્રતીક)ને ડિઝાઈન કરવા માટે આ કળાનો ઉપયોગ કરી શકાય છે.

**(૪) ટેલી (Tally) :** આ સોફ્ટવેર પ્રોગ્રામ એક સંકલિત વેપાર સોફ્ટવેર તથા નાણાંકીય લેવડ-દેવડ વાઉચર તથા ટેક્ષેશન વગેરે વેપારની જરૂરિયાતો માટે ઉપયોગ કરવામાં આવે છે. ટેલી રિટેલ (છૂટક) વેપાર માટે એક વિશેષ સોફ્ટવેર છે. ટેલીના ચાર પેટા સોફ્ટવેર માર્કેટમાં ઉપલબ્ધ છે. – ટેલી ઈ.આર.પી. 9, ટેલી ડેવલોપર, ટેલી સર્વર તથા શોપર-9. ઉપરોક્ત બધા સરકારી કામકાજ અને લેખિત ઉદ્દેશના માટે ખૂબ જ ઉપયોગી છે. ટેલી શીખ્યા પછી તમો એક શાખા એક્ઝીક્યુટીવ, ટેક્ષ કન્સલ્ટન્ટ, શાખા મેનેજર તથા ઓફિસ એક્ઝીક્યુટીવ વગેરે જગ્યાઓ પર અરજી કરી શકો છો.

**(૫) કોમ્પ્યુટર હાર્ડવેર મેન્ટેનન્સ:** જે લોકો સોફ્ટવેર બાબતે વધુ જાણવા માગતા નથી. તે લોકો આ કોર્સમાં જઈ શકે છે. આમાં મુખ્યરૂપે હાર્ડવેર સંભાળ (સાચવણી), કોમ્પ્યુટર હાર્ડવેર ઘટકો, સામાન્ય સમસ્યાઓ અને માવજત (સમારકામ) સંબંધિત જાણકારી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રિન્ટર, મોનિટર, માઉસ વગેરે હાર્ડવેર અને નેટવર્કીંગ બંને વિષયોને પાઠ્યક્રમમાં કવર કરે છે.

**(૬) પ્રોગ્રામિંગ લેંગ્વેઝ કોર્સ :** સરળ શબ્દોમાં કહીએ તો એક કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ કોમ્પ્યુટર પ્રોગ્રામ લખવા માટે ઉપયોગમાં લેવાની ભાષા છે. ઘણી બધી કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ ભાષાઓ ઉપલબ્ધ હોવાને કારણે તે બધી ભાષાઓ આ સૂચિમાં સમાવેશ કરવો મુશ્કેલ છે. પરંતુ કેટલીક લોકપ્રિય અને સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં C, C++, Java, Python, Java Script, ASP.NET, Perl, Ruby, PHP, SQL વગેરે આવે છે. એક પ્રોગ્રામિંગ ભાષા શીખવી ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે કારણ કે તેનાથી એક કમ્પ્યુટર ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓમાં સરળતાથી નોકરી મળી શકે છે.

**(૭) એનિમેશન અને મલ્ટીમીડિયા કોર્સ :** એનિમેશન અને મલ્ટીમીડિયા અત્યારે એક વિશેષ ક્ષેત્ર બની ગયું છે, જે એક ગ્રાફિક્સ ડિઝાઈનનો ભાગ છે. આજના સમયમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ એનિમેશન અને મલ્ટીમીડિયા સિલેબસમાં VFX (વી એફ એક્સ) અને VFX PRO, એનિમેશન, ફિલ્મ ડિઝાઈન અને એનિમેશન, રમતગમત ડિઝાઈન અને એનિમેશન, મલ્ટીમીડિયા ડિઝાઈન વગેરે વિષયોની મૂળભૂત બાબતો શીખવામાં આવે છે કોર્સ પૂર્ણ કર્યા પછી VFX વ્યવસાયિક એનિમેશન ફિલ્મ વ્યવસાયિક, દૃશ્ય પ્રભાવ કલાકાર પ્રશિક્ષક, વ્યવસાયી, જાહેરાત એજન્સીઓ, કળા અને સર્જનાત્મક નિર્દેશક, ડિજિટલ પ્રકાશનની કંપનીઓ, ઇ-કોમર્શિયલ (વાણિજ્ય) ક્ષેત્ર વગેરેમાં નોકરી મળી શકે છે.

**(૮) સાઈબર સિક્યુરીટી કોર્સ :**

આજકાલ મોટાભાગના કામો જેવા કે બેંકિંગ બિલોની ચૂકવણી, શોપીંગ વગેરે ઓનલાઈન કરવામાં આવે છે, કારણ કે લોકો માટે ઘરે બેસીને કામ કરવું સુવિધાજનક છે પરંતુ આ બધા કામો માટે ભારે સુરક્ષાના જોખમનો સામનો પણ કરે છે, કારણ કે સાઈબર અપરાધોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. સાઈબર સુરક્ષા સિલેબસમાં ઓનલાઈન પ્રતીક (લોગો) અને વ્યવસાયોની સુરક્ષા નક્કી કરવા માટેની જાણકારી આપવામાં આવે છે. આ કોર્સ પૂર્ણ કર્યા બાદ તમોને કોમ્પ્યુટર સિસ્ટમની સુરક્ષા નિષ્ણાંતના કામ માટે રાખવામાં આવે છે. તમો એક નૈતિક હેકર (Hacker) અથવા સુરક્ષાખાતાના પરીક્ષક રૂપે સ્વતંત્રરૂપે કામ કરી શકો છો.

**(૯) સોફ્ટવેર ટેસ્ટીંગ :** સોફ્ટવેર ટેસ્ટીંગ કોર્સ આ સમયે દેશમાં સૌથી ચર્ચાસ્પદ કોર્સમાંથી એક છે, કે જે તમોને આઈ.ટી. સેક્ટરમાં ઝડપી નોકરી અપાવી શકે છે આ કોર્સમાં સોફ્ટવેર ડેવલોપ કર્યા પછી કેવી રીતે ટેસ્ટીંગ કરવામાં આવે છે.

**(૧૦) નેટવર્કીંગ :** ઓફિસોમાં કોમ્પ્યુટર અને સર્વરની સંખ્યા વધતી જતી હોવાને કારણે દુનિયામાં નેટવર્ક એન્જીનિયરની ડિમાન્ડ (માંગ) દિન-પ્રતિદિન ઝડપથી વધતી જઈ રહી છે. જગ જાહેર છે કે જ્યાં સુધી દુનિયામાં કોમ્પ્યુટરનો ઉપયોગ થતો રહેશે. ત્યાં સુધી બજારમાં નેટવર્ક એન્જીનિયરની ડિમાન્ડ બની રહેશે. આ કોર્સમાં તમોને નેટવર્ક પ્રોટોકોલ, નેટવર્ક ડિવાઈસિઝ તથા નેટવર્કને કેવી રીતે હેન્ડલ કરવુ વગેરે શીખવવામાં આવે છે.

**(૧૧) ડી બી એ કોર્સ :** ડી બી એ કોર્સ એટલે કે Data Base Administrator (ડેટાબેઝ એડમિનિસ્ટ્રેશન) આ કોર્સ થોડો ટેકનિકલ છે અને પ્રોગ્રામિંગ સંબંધિત છે. જો તમને પ્રોગ્રામિંગ અથવા ડેટાબેઝસમાં રસ છે. તો તમો આ કોર્સ કરી શકો છો આ કોર્સમાં તમો ડેટાબેઝ કોન્સેપ્ટ, ક્વેરી લેંગ્વેઝ અને સોફ્ટવેરના વૈક એન્ડ કેવી રીતે તૈયાર કરવામાં આવે તે શીખવવામાં આવે છે.

**(૧૨) એનાલિસ્ટ :** દુનિયામાં હાલના સમયે એનાલિસ્ટની નોકરી (જોબ) સૌથી વધુ હાઈપ્રોફાઈલ અને ડિમાન્ડવાળી છે, તમો ડેટા-એનાલિસ્ટ બનીને ઊંચો પગાર મેળવી શકો છો. તેના સિવાય તમો એનાલિસ્ટના ફિલ્ડમાં બીજું કંઈ કરવા માગો તો તમારી પાસે જુદા-જુદા એનાલિસ્ટ બનવાના વિકલ્પ ઉપલબ્ધ છે.

**(૧૩) અન્ય કોમ્પ્યુટર કોર્સ :** કેટલાક અન્ય ટૂંકસમયના કોમ્પ્યુટર કોર્સ સમયાંતરે અલગ અલગ સંસ્થાઓ, વિશ્વ વિદ્યાલયો દ્વારા શીખવવામાં આવે છે. જે કોર્સ કરીને વિદ્યાર્થીઓ સારી નોકરી મેળવી શકે છે.

**ડેટા ખનન અને વિશ્લેષણ**

- સાઈબર સુરક્ષા અને એથિકલ હેકિંગ

(Cyber Security and Ethical Hacking)

- આર.ડી.બી.એમ.એસ (રિલેશનલ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ

(Relational Data Base Management System)

- વેબ ડિઝાઈનિંગ

(Web-Designing)

- આઈ.ટી.માં ડિપ્લોમા

(Diploma in Information Technology)

- કોમ્પ્યુટર વિજ્ઞાનમાં ડિપ્લોમાં

(Diploma in Computer Science)

- ડેટા એન્ટ્રી ઓપરેટર

(Data Entry Operator)

- કોમ્પ્યુટરીકૃત લેખા

(Computarised Accounting)


- કોમ્પ્યુટર એડેડ ડિઝાઈન અને ડ્રોઈંગ

(CADD)

- ડિજિટલ માર્કેટીંગ

(Digital Marketing)

—●—


અસલ રાંદેરના જૂના અને જાણીતા હાડવૈદ™
ડૉ. ઇસ્માઇલભાઈ લાલા
ડી.ઓ.એમ., એન.ડી., એમ.ડી. (હર્બલ)
નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત, ઓપરેશન વગર સારવાર
M. 98241 82055, 97126 55055
ફ્રેકચર, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જૂનો દુઃખાવો, સ્લીપ ડિસ્ક તથા ખોડ ખાંપણની ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.


An ISI 9001 : 2015 Certified Clinic

અડાજણ ક્લિનીક :
એલ-૮, શાકુંતલ કોમ્પ્લેક્ષ,
સંઘવી ટાવરની બાજુમાં,
અડાજણ રોડ, સુરત - ૩૫૯૦૦૯
(ગુજરાત) ભારત.
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦
(રવિવારે રાબેતા મુજબ, શુક્રવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૮૬૦૫૫

કયોર ક્લિનીક

રાંદેર ક્લિનીક:
જી-૧, અમન એપાર્ટમેન્ટ,
નાની પારસીવાડ, રાંદેર ગામ,
સુરત - ૩૯૫ ૦૦૫ (ગુજરાત) ભારત.
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
(રવિવારે ૪.૦૦ થી ૬.૦૦, ગુરૂવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૭૬૦૫૫

એપોઇન્ટમેન્ટ લઈને આવવું.
અન્ય કોઈ શાખા નથી.

# સામાજિક સૌહાર્દ અને આપણું મીડિયા



## ચિંતન-મનન



**સુફિયાન અહમદ**

આજે આ વાતનું પુનરાવર્તન કરવાની જરૂરત નથી કે કેવી રીતે આપણા દેશના મોટાભાગના ખબરિયા ટીવી ચેનલો તથા ડિજિટલ સમાચાર માધ્યમો એક ખાસ હેતુથી સમાચારોની પસંદગી તથા તેના પર ચર્ચાઓ (Debates)નું આયોજન કરે છે. આ ચર્ચાઓના માધ્યમથી તેઓ સમાજને શું આપી રહ્યા છે ? આ પ્રશ્ન પણ એટલો જટિલ નથી કે આનો ઉત્તર એક સામાન્ય બુદ્ધિની વ્યક્તિ શોધી ન શકે. પાછલા બે વર્ષોમાં આ ત્રીજી વખત છે કે જ્યારે ભારતના સર્વોચ્ચ ન્યાયાલયે ગયા મહિને સમાચાર ચેનલો તથા સોશ્યલ મીડિયાનો હવાલો આપતાં કહ્યું કે આ નફરતભર્યા નિવેદનો આપણા સામાજિક તાણા-વાણા માટે ઝેર છે, અને આના માટે એક નિયામકતંત્ર બનાવવાની જરૂરત છે. ન્યાયાલયે કહ્યું કે ઘૃણા ભાષણો મુખ્ય પ્રવાહના મીડિયા ચેનલો કે સોશ્યલ મીડિયા દ્વારા આવી રહ્યા છે.

મીડિયાને લોકતંત્રનો ચોથો સ્તંભ એટલા માટે કહેવામાં આવે છે કે એક લોકતાંત્રિક અને ધર્મ-નિરપેક્ષ દેશમાં મીડિયાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે, કેમ કે એવા દેશોમાં સમાચાર માધ્યમોનો હેતુ નિરપેક્ષ અને તટસ્થ રહીને સૂચનાઓ પીરસવાનો છે, નહીં કે કોઈ પક્ષીય ભાવનાથી કામ કરવું, પરંતુ તેઓ આ તકાદાને ભૂલી ગયા અથવા તો જાણી-જોઈને ભુલાવી ચૂક્યા છે. આના કારણો પણ કંઈ છૂપા નથી. શાસક પક્ષ, જે કાયદા-કાનૂનો પર પાલન કરાવવાની જવાબદારી છે, તેના જ નેતા જાહેર મંચોથી નફરત ફેલાવનારા નિવેદનો આપવાથી ખચકાતા નથી.

ટી.વી. ચેનલો અને સોશ્યલ મીડિયા પર નફરત ફેલાવનારા પ્રસ્તુતિકરણો અને પક્ષપાતપૂર્ણ ચર્ચાઓ પીરસવાની વધતી જતી પ્રવૃત્તિઓ પર વિભિન્ન સામાજિક સંગઠનો દ્વારા લાંબા સમયથી વાંધો વ્યક્ત કરાવાતો રહ્યો છે. આજના સમયમાં ધાર્મિક સદ્‌ભાવનાને વધારવામાં મીડિયા એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે, પરંતુ આ ચિંતાનો વિષય બની રહ્યું છે કે આનાથી તદ્દન વિરુદ્ધ ટી.વી. ચેનલો પર રોજ સાંજે મંચ સજાવી દેવામાં આવે છે અને વચ્ચે હોય છે અગન-ગોળાનું ચિહ્ન આ કાર્યક્રમોના નામ પણ ખૂબ જ આક્રમક પ્રકારના હોય છે. જેમકે દંગલ, તાલ, ઠોકકે, આર-પાર અને કુરુક્ષેત્ર વિ. વિ.

પાછલા કેટલાક સપ્તાહોની જો મીડિયા ચર્ચાઓ પર દૃષ્ટિપાત કરીએ તો ઈંગ્લેન્ડમાં પણ થઈ ગયું હિંદુ-મુસ્લિમ, સાધ્વી ઋતુંભરાના પ્રવાસને પરવાનગી ન મળી, પી.એફ.આઈ. દેશમાં આતંકવાદ ફેલાવી રહ્યો છે. ગત્ દિવસોમાં ઉત્તરપ્રદેશમાં મદ્રસાઓના સર્વેક્ષણ વિ. વિ. ટી.વી. ચેનલો માટે દેશના સૌથી મોટા સમાચાર બન્યા.

અગાઉ જ્ઞાનવાપી મસ્જિદની અરજીને સુનાવણીની પરવાનગી મળવા પર ખબરિયા ચેનલોને કેટલાય સપ્તાહોનો મસાલો મળી ગયો હતો. આવી જ રીતે હિજાબ, સર તનસે જુદા, લવ જિહાદ, યુ.પી.એસ.સી જિહાદ અને ૮૦ વિરુદ્ધ ૨૦ જેવા વ્યર્થના મામલાઓને ખૂબ ઉછાળવામાં આવ્યા. આ તો ફક્ત ઉદાહરણો છે. આ ઉપરાંત બાબરી મસ્જિદ કેસ અને કોરોના કાળ દરમ્યાન તબ્લીગી જમાઅત પ્રકરણને લઈને મીડિયાનું પ્રસ્તુતિકરણ કેટલું આક્રમક હતું એ બતાવવાની જરૂરત નથી.

પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આપણા દેશના મીડિયા પાસે ઉઠાવવા માટે શું ફક્ત સાંપ્રદાયિક મુદ્દા જ બચ્યા છે ? મોંઘવારી, બેરોજગારી, કાનૂન-વ્યવસ્થા, શિક્ષણ તથા સ્વાસ્થ્ય જેવા જમીની મુદ્દા શા માટે આપણા મુખ્ય પ્રવાહના મીડિયાના વિમર્શથી બહાર થતા જઈ રહ્યા છે. કદાચ એટલા માટે કે જન-હિતથી સંકળાયેલ હોય એવા મુદ્દા આપણી વર્તમાન કેન્દ્ર સરકાર તથા રાજ્ય-સરકારો સાથે મેળ નથી ખાતા. ખેડૂતોની મુશ્કેલીઓ, મજૂરો-શ્રમિકોની આત્મ-હત્યાઓ, રુપિયા તથા અર્થ-વ્યવસ્થાની કથળતી સ્થિતિ, ટી.વી. ચેનલો પર અંતે શા માટે આમનું ગણ-ગણાટ પણ સાંભળવા નથી મળતું ?

વાસ્તવમાં આજે મીડિયાની ભૂમિકા સામાજિક સમરસતાને બગાડવા અને સકારાત્મક વિચારના સ્થાને સમાજને વિભાજિત કરનારા વિચારને વધારનારી થઈ ગઈ છે. આના દ્વારા ફક્ત સામાજિક અને ધાર્મિક ઉન્માદ જ ફેલાવાઈ રહ્યો છે એટલું જ નહીં બલ્કે રાજકીય સ્વાર્થ માટે પણ ખોટી માહિતીઓ ઘેર-ઘેર પીરસવામાં આવી રહી છે. આનાથી સમાજમાં હિંસાને પ્રોત્સાહન તો મળી જ રહ્યું છે, સાથે જ લોકોના વિચારોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આજે આ કહેવું ખોટું નહીં હોય કે સામાજિક સૌહાર્દ સામે મીડિયા તથા સોશ્યલ મીડિયા એક મોટો પડકાર બનીને ઊભો છે. વિશ્વસનીયતા અને ભરોસાના મામલામાં પણ મીડિયાની ભૂમિકા શંકાસ્પદ બનતી જઈ રહી છે.



પ્રશ્ન ઉદ્‌ભવે છે કે મીડિયાની આ દુર્ગતિ માટે દોષી કોણ છે ? શું ફક્ત સરકાર જ આના માટે જવાબદાર છે ? અથવા સરકાર, મીડિયા અને દર્શક ત્રણેય આ દુર્ગતિ માટે દોષી છે ? શું મીડિયા જે બતાવી રહ્યું છે, દર્શક વર્ગ એ જ જોઈ રહ્યો છે ? અથવા દર્શકો જે જોવા ઇચ્છે છે મીડિયા એ જ બતાવી રહ્યું છે ? મીડિયા પોતાની શક્તિઓનો દુરુપયોગ કરી રહ્યું છે, અથવા શાસનની અન્ય શક્તિઓ મીડિયાનો દુરુપયોગ કરી રહી છે ? જો આ પ્રશ્નોના ઉત્તર શોધવાના પ્રયત્નો કરવામાં આવે તો મીડિયા અને પત્રકારત્વનો સ્પષ્ટ ભેદ પણ સામે આવી જશે.

આજે મીડિયા અને સોશ્યલ મીડિયા દ્વારા ઐતિહાસિક તથ્યો અને ઘટનાઓને પણ વિકૃત કરીને પ્રસ્તુત કરવામાં આવી રહી છે. મીડિયાનું આ વલણ એવું છે કે જેની હવે ઉપેક્ષા કરી શકાય નહીં. ખોટા વિચારોના પ્રસ્તુતિકરણ અને તેને લોકો સુધી પહોંચાડવાથી દેશની આંતરિક સુરક્ષા ભયમાં મુકાઈ જાય છે. મીડિયાની વર્તમાન ભૂમિકા અને સાર્વજનિક કે જાહેર મંચોથી વ્યક્ત કરાતા વિચારોથી સમાજમાં કટુતાની ભાવનાનો પ્રસાર થઈ રહ્યો છે. અલ્પકાલીન રીતે આનો લાભ કે નુકસાન પાર્ટી વિશેષનું તથા દેખાઈ રહ્યું છે, પરંતુ આને આટલા સુધી જ સીમિત રાખવાની આવશ્યકતા નથી, બલ્કે આને બાહુલતાવાદી સંસ્કૃતિવાળા દેશ પર પડનારા દીર્ઘકાલીન પ્રભાવના સંદર્ભમાં પણ જોવું જોઈએ.

આજે મીડિયા જે નફરતના બી વાવી રહ્યું છે તેનો પાક અંતમાં દેશ અને સમાજે જ લણવો પડશે. સર્વોચ્ચ ન્યાયાલયે પોતાની તાજી ટિપ્પણીમાં કહ્યું છે કે આનાથી રાજકીય પક્ષો મૂડી બનાવે છે અને ટી.વી. ચેનલ તેમના માટે એક મંચનું કામ કરે છે.

અદાલતે આના માટે એક નિયામક તંત્ર બનાવવા પર પણ ભાર મૂક્યો છે. પરંતુ સરકાર જો એવું તંત્ર બનાવવાની પહેલ કરે છે, તો તેનો

સ્વરૂપ શું હશે, એ જોવાની વાત હશે. મીડિયા સંસ્થાનો પ્રત્યે સરકારની દૃષ્ટિને લઈને પણ પ્રશ્નો ઉદ્‌ભવી રહ્યા છે.

સમાચાર માધ્યમો હજી સુધી સ્વનિયમન હેઠળ કાર્ય કરતા રહ્યા છે, હવે જો તેમના પર સકંજો કસવા માટે કોઈ તંત્રની આવશ્યકતા રેખાંકિત કરવામાં આવી રહી છે, તો તેમણે વિચારવાની જરૂરત છે કે અંતે તેઓ આ રીતે કેટલા દિવસો સુધી આવું પત્રકારત્વ કરતા રહેશે? સર્વોચ્ચ ન્યાયાલયની ટિપ્પણી દર્શાવે છે કે મીડિયાને આત્મ-અનુશાસનમાં રાખવા માટે બનેલા સંગઠનો પણ પોતાની ભૂમિકા નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે. આ ચિંતાની વાત છે. કેમ કે મીડિયાની સ્વાયત્તતા તેની સૌથી મોટી તાકત રહી છે. જો ભવિષ્યમાં કોઈ નિયામક સંસ્થા બનાવવામાં આવે છે તો પરોક્ષ રીતે જ ભલે હોય, પરંતુ તેનાથી પણ તેની આઝાદી પ્રભાવિત થશે. બીજી બાજુ તમામ આલોચનાઓ છતાં મીડિયાનો એક વર્ગ, 'લોકો જે જોવા ઇચ્છે છે, એ જ અમે બતાવીએ છીએ'ની આડ લઈને નફરતભર્યા કાર્યક્રમો દેખાડે છે.

આવામાં સારૂં થશે કે મીડિયા ચેનલો પોતે જ પોતાના માટે કોઈ આચારસંહિતા બનાવે, કે જેથી સરકાર પોતે બનાવેલા નિયમો મુજબ મીડિયાને હાંકવાનું કામ ન કરી શકે. 'તપાસ અને સંતુલન'નું કાર્ય સ્વયં તેમણે જ કરવું પડશે, આમાં જ સૌનું ભલું છે.

કોઈ પણ લોકતાંત્રિક સમાજ તથા દેશની સૌથી મોટી વિશેષતા આ હોય છે કે ત્યાં વૈચારિક સહમતિ અને અસહમતિને વ્યક્ત કરવાની આઝાદી એક અધિકારના રૂપમાં સ્વીકાર્ય હોય, પરંતુ આ અધિકારનો ઉપયોગ ખોટી રીતે ન થાય એ સુનિશ્ચિત કરવાની જવાબદારી સૌ પ્રથમ તેની જ છે જે પોતાના આ અધિકારનો ઉપયોગ કરી રહ્યો હોય.

આ પણ સુનિશ્ચિત કરવાનું ખૂબ જ જરૂરી છે કે પ્રજાતંત્ર દ્વારા અપાયેલ સ્વતંત્રતાઓ તથા અધિકારોનો ઉપયોગ ક્યાંક પ્રજાતંત્રને જ ખતમ કરવા માટે થવા ન લાગે. બીજા શબ્દોમાં પડકાર આ છે કે પ્રજાતાંત્રિક વ્યવસ્થાની અંદર રહીને ઘૃણા ફેલાવનારી વિચારધારાઓનો કેવી રીતે સામનો કરવામાં આવે કે જેથી તે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે તેનો ઉપયોગ પ્રજાતંત્રમાં જ આગ ચાંપવા માટે ન કરી શકે. —•—



# સંધિવાનો રોગ આપી શકે છે કેટલાય અન્ય રોગોને આમંત્રણ



**આરોગ્ય**



**સંપાદક મંડળ**

માનવ શરીરમાં વિભિન્ન પ્રકારના સાંધા રહેલા છે જે બે અથવા તેનાથી વધુ હાડકાઓને જોડવાનું કાર્ય કરે છે. આ સાંધાઓમાં દુઃખાવા કે કેટલીક અન્ય સમસ્યાઓના લીધે રોજિંદા કાર્યોમાં અવરોધો આવી શકે છે. અમે વાત કરી રહ્યા છીએ સંધિવા-રોગ વિષે, જે આપણા સાંધાઓના સ્વાસ્થ્ય માટે એક ઘણી મોટી સમસ્યા છે.

**શું છે સંધિવા રોગ ?**

સંધિવા રોગ એક એવી અવસ્થા છે કે જેનાથી સમગ્ર વિશ્વમાં કરોડો લોકો હેરાન-પરેશાન છે. અંગ્રેજીમાં આને અર્થરાઈટિસ (Arthritis)ના નામે ઓળખવામાં આવે છે. આ રોગ સાંધાઓમાં સોજો અને દુઃખાવો પેદા કરી દે છે, આ રોગ ઘૂંટણોમાં દુઃખાવો તથા સોજો પેદા કરી દે છે અને સામાન્ય રીતે મોટી ઉંમરના લોકોમાં આ જોવા મળે છે, પરંતુ આજના સમયમાં બદલાતી જતી જીવનશૈલીના લીધે આ રોગ યુવાનોમાં પણ જોવા મળી રહ્યો છે. પુરુષોની તુલનામાં મહિલાઓમાં આ ફરિયાદ વધુ જોવા મળે છે. વિશેષરૂપે એ લોકો કે જેમનું વજન વધુ હોય. આની શરૂઆત શરીરના કોઈ પણ સાંધાથી થઈ શકે છે, અને સમયની સાથે સાથે આ રોગ શરીરના બાકીના સાંધાઓને પણ પ્રભાવિત કરી શકે છે.

**સંધિવાના કારણો**

• સંધિવાનું કોઈ એક મુખ્ય કારણ નથી, બલ્કે કેટલીય પ્રવૃત્તિઓથી આના ઉત્પન્ન થવાની શક્યતાઓ વધી જાય છે. જેમ કે આપણા શરીરમાં સાંધાઓમાં એક નરમ અને લચકદાર ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જ્યારે આપણે ચાલીએ છીએ તો સાંધાઓ પર દબાણ આવે છે એવામાં કાર્ટિલેજ પ્રેશર અને શોકને અવશોષિત કરી આપણા સાંધાઓની રક્ષા કરે છે. જ્યારે સંધિવા જેવો રોગ થાય છે તો એવા સમયે કાર્ટિલેજનું પ્રમાણ ઘટી જાય છે, જેના લીધે એક હાડકું બીજા હાડકાથી ઘસાય છે અને કેટલીક મુશ્કેલીઓ ઉત્પન્ન થઈ જાય છે.

• જો તમારા પરિવારમાં કોઈ વ્યક્તિમાં સંધિવાની ફરિયાદ જોવા મળે છે, તો શક્ય છે કે આ રોગ અન્ય લોકોમાં પણ જોવા મળે.

• મેદસ્વિતા પણ સંધિવા થવાની શક્યાઓ વધારી શકે છે. આવું એટલા માટે કે મેદસ્વિતાના લીધે શરીરના સાંધાઓ વધારે વજન સહન નથી કરી શકતા અને સાંધાઓમાં દુઃખાવો કે સોજાની સમસ્યા થઈ જાય છે.

**સંધિવાના લક્ષણ**

• **સાંધાઓમાં દુખાવો :** સાંધાઓમાં દુઃખાવો સંધિવાનું સૌથી મુખ્ય લક્ષણ છે સાંધાઓમાં દુઃખાવો થવો. સામાન્ય રીતે કેટલીક પ્રવૃત્તિઓ પછી આપણને સાંધાઓમાં દુઃખાવો અનુભવાય છે, પરંતુ આનો અર્થ આ પણ નથી કે આપણને સંધિવાનો રોગ છે. જ્યારે સાંધાઓમાં દુઃખાવો કેટલાક દિવસો કે સપ્તાહોમાં મટે નહીં અને હરતા-ફરતા કે ઊઠતા-બેસતાં દુઃખાવો થવા લાગે તો આપણે કોઈ સારા ડોકટરની સલાહ લેવી જોઈએ. કેટલીક વખત સંધિવા રોગથી પીડાતા લોકોના અંગો લાલ પણ થઈ જાય છે.

• **સોજો આવી જવો** : આપણા શરીરના વિભિન્ન સાંધાઓમાં દુઃખાવાની અનુભૂતિ થઈ શકે છે, પરંતુ જો વાત કરીએ સંધિવા રોગની, તો એક વ્યક્તિ વિશેષરૂપે ઘૂંટણ, ખભા, થાપા અને હાથમાં દુઃખાવો અનુભવી શકે છે.

જો કોઈને રુમેટાઇડ આર્થરાઇટિસ બતાવાયો છે તો એવી સ્થિતિમાં થાક લાગી શકે છે અને આ ઉપરાંત પ્રતિરક્ષા પ્રણાલી (ઇમ્યુનિટી સિસ્ટમ) કમજોર હોવાના લીધે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. દુઃખાવા પછી સંધિવા રોગનું સૌથી મોટું લક્ષણ સાંધાઓમાં સોજો છે.

• **અન્ય લક્ષણ :** સંધિવા રોગ કેટલાય પ્રકારની મુશ્કેલીઓને વધારી શકે છે. જેમ કે વાત કરીએ એનીમિયાની. આ અવસ્થા શરીરમાં લોહીના પ્રમાણને ઘટાડી દે છે. સાથે જ સંધિવાની અસર જ્યારે બહુ વધી જાય છે, તો એવા સમયે વ્યક્તિને તાવ આવી શકે છે.

**સંધિવાના દુષ્પ્રભાવ**

• **દુઃખાવો :** આ અવસ્થામાં વિભિન્ન પ્રકારના દુઃખાવા થાય છે. તે એટલે સુધી કે ક્યારેક ક્યારેક વ્યક્તિ પોતાનું રોજિંદું કાર્ય કરવામાં પણ અસમર્થ થઈ જાય છે.

• **હાડકાઓનું કમજોર થવું** : જો કોઈ વ્યક્તિમાં સંધિવા રોગની સમસ્યા ઉત્પન્ન થઈ જાય છે તો તેના શરીરના હાડકાં કમજોર થવા લાગે છે. આવું થવાથી વિભિન્ન પરિસ્થિતિઓ, જેમ કે હાથ-પગમાં સોજા, સાંધાઓમાં દુઃખાવો અને ઊઠવા-બેસવામાં તકલીફનો સામનો કરવો પડી શકે છે.

• **અન્ય રોગોનો ખતરો** : કેટલીય વખત સંધિવા રોગના કારણે વ્યક્તિના શરીરમાં અન્ય રોગોના લક્ષણ પણ પેદા થઈ શકે છે, જેમ કે કાર્યલ ટનલ સિન્ડ્રોમ, હૃદય-રોગના હુમલાનું જોખમ, ફેફસાં, આંખો અને હૃદયમાં સોજો.

**તપાસ તથા ઈલાજ**

યાદ રાખો, સાંધાઓમાં દુઃખાવાની સમસ્યા કટલીય મુશ્કેલીઓને વધારી શકે છે. આથી પ્રયત્ન કરો કે પરિસ્થિતિ બગડે એ પહેલાં તમે ખરો ઈલાજ કરાવી લો. જો તમે ડોકટરથી સલાહ લો છો તો તે શારીરિક પરીક્ષણથી તપાસ કરીને સ્થિતિ જોઈ શકે છે. જરૂર પડ્યે કેટલાક ટેસ્ટ પણ હોઈ શકે છે. જેમ કે,

લેબ ટેસ્ટ : લોહીની તપાસ, પેશાબની તપાસ કે જોઇન્ટ ફ્લુઇડ, ઇમેજિંગ ટેસ્ટ, એક્સ-રે, સીટી સ્કેન, એમ.આર.આઈ, આ-ટ્રાસાઉન્ડ વિ.

સંધિવા રોગનો એવો કોઈ પણ ઇલાજ નથી મળી શક્યો કે જેની મદદથી આના પર પૂરી રીતે વિરામ લાગી જાય. સંધિવા રોગ જેવી પરિસ્થિતિઓમાં સમયસર ઈલાજ કરાવવો ખૂબ જ જરૂરી છે. આ પગલાથી પરિસ્થિતિને વધારો બગડતા પહેલાં અટકાવી શકાય છે. સાથે જ સાંધાઓ પર થનારી હાનિને પણ ઘટાડી શકાય છે.

પ્રારંભિક સમયમાં જ ડૉકટર તમને વિવિધ પ્રકારની દવાઓ લેવાની સલાહ આપી શકે છે. આ દવાઓ નોન સ્ટેરૉયડલ એન્ટી ઇન્ફ્લેમેટરી દવાઓ, કાઉન્ટર ઈરિટેન્ટ્સ વિ. હોઈ શકે છે. આ ઉપરાંત શારીરિક ચિકિત્સાનો ઉપયોગ સંધિવા રોગના ઇલાજ માટે કરી શકાય છે. ડૉકટર દર્દીને વ્યાયામ કરવાની સલાહ આપી શકે છે.

ઈલાજથી દર્દીને ફાયદો નથી થતો તો ડૉકટર સર્જરીની સલાહ પણ આપી શકે છે. સંધિવા રોગના લક્ષણ ક્યારેક ખરાબથી વધુ ખરાબ પણ થઈ જાય છે, અને દુઃખાવો અસહનીય થઈ જાય છે. આવા સમયે ડૉકટરોને એડવાન્સ ઇલાજની મદદ લેવી પડે છે. આવા સમયે સૌથી લોકપ્રિય સર્જરી છે ઘૂંટણ પ્રત્યારોપણ સર્જરી (Knee Replacement Surgery). આ સર્જરીમાં જે સાંધો ખરાબ થઈ ગયો હોય તેને હટાવીને તેની જગ્યાએ એક કૃત્રિમ સાંધો લગાવી દેવામાં આવે છે. આ કૃત્રિમ સાંધો વાસ્તવિક સાંધાની જેમ કામ કરે છે. આ પ્રકારના ઇલાજના લીધે વ્યક્તિને દુઃખાવામાં પણ આરામ મળે છે, સાથે જ હરવા-ફરવામાં અને ઊઠવા-બેસવામાં પણ સરળતા થઈ જાય છે. સામાન્ય રીતે આ સર્જરી ઘૂંટણો, થાપા તથા ખભાના સાંધાઓ માટે કામમાં આવે છે.

જૉઇન્ટ ફ્યૂઝન સર્જરી પણ આવી પરિસ્થિતિઓમાં ઉપયોગી નીવડી કે પુરવાર થઈ શકે છે. આ સર્જરીમાં બે હાડકાંઓને પરસ્પર-એકબીજા સાથે જોડી દેવામાં આવે છે કે જેનાથી એ એક મજબૂત હાડકાંમાં પરિવર્તિત થઈ જાય છે. આ હાડકું વધુ સ્થિર રહે છે અને દુઃખાવાને ઘટાડવામાં ઉપયોગી પુરવાર થાય છે. આ ઉપરાંત કેટલાંક અન્ય વિકલ્પ પણ છે જે સંધિવા-રોગના ઈલાજમાં મદદરૂપ થઈ શકે છે, જેમ કે એક્યુપંચર, યોગ, માલિશ વિ.

**સાવચેતી**

સંતુલિત આહારને પોતાના જીવનમાં પ્રાથમિકતા આપો. જો તમે આમ કરો છો, તો આ પ્રવૃત્તિ સંધિવા રોગ જેવી સમસ્યાઓથી તમને દૂર રાખી શકે છે. ઉચિત આહારની સાથો-સાથ સ્વસ્થ જીવન-શૈલી આ બે એવા માધ્યમ છે કે જેમને અપનાવવાથી તમે કેટલીય મુશ્કેલીઓથી દૂર રહી કે બચી શકો છો.

વધુ ઠંડા પદાર્થ ખાવાથી પરહેજ કરો. મેંદા-યુક્ત પદાર્થ જેમ કે બિસ્કિટ્સ, સ્નેક્સ, ચિપ્સ વિ. થી પણ દૂર રહો. આવું એટલા માટે કે મેંદો ફેટને વધારે છે અને પેટમાં ગેસ બનાવવાનું કામ કરે છે, જેનાથી તમને તકલીફ થઈ શકે છે. કેફીનનો વધુ પડતો ઉપયોગ કરવાથી બચો. ઘી કે તેલથી બનેલ પદાર્થો અને ડીપ ફ્રાઇડ ભોજન ખાવાથી પણ પોતાને દૂર રાખો. આ ઉપરાંત વધારે નમક અને ખાંડ ખાવાથી પણ બચો. જે વ્યક્તિ દારૂ પીવે છે તેઓ આ ટેવથી દૂર રહેવાનો, પ્રયાસ કરે નહિતર તેમને સંધિવા રોગમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે શકે છે. —•—

બાળજગત

# ખૂબસૂરત છોકરો

– માઇલ ખૈરાબાદી




આગા સાહેબના ત્યાં જે દિવસે અબ્બાસ ખાન નોકર તરીકે આવ્યો તે જ દિવસે આગા સાહેબે તેનાથી કહ્યું : ''ખાન સાબ ! સ્કૂલમાં જઈ આવો અને મારા દીકરાને લઈ આવો.''

ખાન સાહેબે કહ્યું : ''કોણ તમારો દીકરો ? શું નામ છે ? હું ઓળખતો નથી ?'' આથી આગા સાહેબે કહ્યું : ''અરે ભાઈ ! તેને ઓળખવો જરા પણ મુશ્કેલ નથી. આખી સ્કૂલમાં તે સૌથી વધારે ખૂબસૂરત છે. તમે જાવ, સ્કૂલમાં જે સૌથી વધારે સ્વરૂપવાન હોય તે છોકરાને લઈ આવો.''

સ્કૂલમાં અબ્બાસ ખાનનો દીકરો પણ ભણતો હતો. ઈરફાન.

ખાન સાહેબ પોતાના દીકરાને બોલાવી લાવ્યા. ઈરફાન ખાન તદન કાળો અને બેડોળ છોકરો હતો. આ છોકરાને જોતાં જ આગા સાહેબ બોલી ઊઠયાઃ ''અરે ભાઈ ! આ તમે કોને બોલાવી લાવ્યા.'' અબ્બાસખાને જવાબ આપ્યો : ''અરે ભાઈ! તમે સ્કૂલના સૌથી ખૂબસૂરત છોકરાને બોલાવ્યો હતોને ! હું ખૂબસૂરત છોકરાને તો બોલાવી લાવ્યો છું.''

આગા સાહેબ તેમની વાત સાંભળી હસવા લાગ્યા. ત્યાં બેઠેલા અન્ય લોકો પણ હસવા લાગ્યા.

આગા સાહેબે કહ્યું : ''અરે ભાઈ ખાન સાહેબ! આ છોકરો તો તદન કાળો અને બેડોળ છે. તમે તેને ખૂબસૂરત કઈ રીતે કહી રહ્યાં છો ?'' અબ્બાસ ખાને કહ્યું : ''જી સાહેબ ! તમે જે કંઈ પણ કહો પણ મારી આંખોથી જુઓ તો તમને પણ આ છોકરો ખૂબસૂરત દેખાશે. આગા સાહેબ આ મારો દીકરો છે,મારો વ્હાલો દીકરો.''

ખાન સાહેબની વાત સાંભળીને આગા સાહેબ સાથે તમામ લોકો બોલી ઊઠયા : ''હા ભાઈ! સાચી વાત છે પોતાની સંતાન માણસના મન સૌથી ખૂબસૂરત દેખાય છે.''

આગા સાહેબે ઈરફાનને મીઠાઈ અને ઈનામ આપીને ખુશી સાથે રવાના કર્યો. અબ્બાસખાન પણ ખુશ થઈ ગયો.

સ્ટૂડન્ટ્સ ઇસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ઇન્ડિયા, ગુજરાત ઝોન દ્વારા તા. ૨૨-૨૪ ઓક્ટોબર દરમ્યાન "ઓલ ગુજરાત કેડર્સ મીટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મેમ્બર્સના પ્રશિક્ષણ અને તેમના સર્વાંગી વિકાસલક્ષી હેતુ વિવિધ કાર્યક્રમો, ચર્ચાગોષ્ઠીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને નિષ્ણાંતો દ્વારા પ્રવચનો રાખવામાં આવ્યા હતાં. આ શિબિરમાં અંતિમ દિવસે એસ. આઇ. ઓ., ગુજરાત ઝોનના સત્ર ૨૦૨૩-૨૪ માટેની પ્રદેશ સલાહકાર સમિતિ (Zonal Advisroy Council)ની ચૂંટણી યોજવામાં આવી. જેમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવી.

(૧) જાવેદ કુરૈશી (૨) સાદિક શેખ (૩) મુનવ્વર હુસૈન (૪) ઈબ્રાહીમ શેઠ (૫) ફેસલ અન્સારી (૬) રાશિદ કુરૈશી (૭) જાવેદ અખ્તર (૮) દાનિશખાન પઠાણ (૯) ફેસલ મણિયાર


































બદલો લેવો એ કોઈ કમાલનુ કામ નથી.. પોતાને બદલવું કમાલનુ કામ છે.. ચહેરાનું સૌન્દર્ય કષ્ટદાયક બની શકે છે પણ વ્યક્તિત્વનું સૌન્દર્ય રહેમત બની જાય છે.. જે વ્યક્તિ સ્વંય પોતાના અસ્તિત્વને જોઈ શકતો નથી તે કયા મોઢે પોતાના પર વિશ્વાસ કરવા માટે તેના વ્યક્તિત્વને જોવાની શરત મૂકે છે..

શરીરને આત્મા આપવામાં
નથી આવ્યો
બલ્કે આત્માને શરીર
આપવામાં આવ્યું છે.
આટલી નાનકડી
વાસ્તવિકતા જો
માણસની સમજમાં આવી
જાય તો તેનું
જીવન બદલાઈ શકે છે.



યુવા સાથી
સત્યનો સારથિ

/yuvasaathiguj
www.yuvasaathi.com

IF UNDELIVERED PLEASE RETURN TO :
**Yuvasaathi (Gujarati Monthly)**
B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055